ॐ
મા
ॐ



ॐ
મા
ॐ

# આધ્યાત્મિક કેડી

તંત્રી - સંપાદક : કૈલાસબહેન એન. પરીખ

ॐ ભૂર્ભુવઃ સ્વઃ ॐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્ ॐ ।।

(વર્ષ ૨૨) એપ્રિલ - ૨૦૦૩ (અંક ૧)

॥ ૐ મા ૐ ॥ ॥ જય ગાયત્રી મા ॥ ॥ ૐ મા ૐ ॥

વર્ષ : ૨૨
અંક : ૧

# આધ્યાત્મિક કેડી

એપ્રિલ
૨૦૦૩

શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ : અમદાવાદ-૩૮૦૦૧૫.



વાર્ષિક લવાજમ
રૂપિયા વીસ (૨૦/-)

卐

❖ પ્રકાશક ❖
શ્રી કૈલાસબ્હેન એન. પરીખ,
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ,
'નીલોષા' બંગલો,
ત્રિમૂર્તિ સોસાયટી,
ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે,
ગુલબાઈ ટેકરા,
અમદાવાદ-૩૮૦૦૧૫.

## અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાન નં. |
|---|---|---|
| ૧. | જીવનની ક્ષણો (ઉપાસના દિન) | ૧ |
| ૨. | દિવ્ય સંદેશ | ૨ |
| ૩. | વિવેક - જ્ઞાનગોષ્ઠિ | ૩ |
| ૪. | વિવેક - પ્રશ્નોત્તરી | ૮ |
| ૫. | પૂજ્ય રાજયોગીજીના સાનિધ્યમાં | ૧૧ |
| ૬. | શિવત્ત્વને જાગૃત કરીએ (શિવરાત્રી) | ૧૨ |
| ૭. | મૃત્યુ - પ્રશ્નોત્તરી | ૧૫ |
| ૮. | શ્રી રાજયોગી - એક દર્શન | ૧૮ |
| ૯. | વિચાર વૃક્ષ - જ્ઞાન બીજ | ૨૧ |
| ૧૦. | શ્રીચાક્ષુષોપનિષદ્ | ૨૪ |
| ૧૧. | ધ્રુજી ધરા વિદેશની | ૨૮ |
| ૧૨. | નૈતિક મૂલ્યોનું પરિવર્તન. | ૩૨ |
| ૧૩. | સમાચાર | ટાઈટલ-૩ |
| ૧૪. | વિદેશનો કાર્યયજ્ઞ | ટાઈટલ-૪ |


॥ ૐ મા ૐ ॥

visit us at :
**www.rajyoginarendraji.com**

દ્વિ વાર્ષિક અંક એપ્રિલ અને ઓકટોબર
**આધ્યાત્મિક કેડી : એપ્રિલ - ૨૦૦૩** - R.N. 38405/82

**મુદ્રક :** ગાયત્રી ટ્રેડસર્ટ- રાધાવલ્લભજીના મંદિર પાસે, જવાહરચોક, મણિનગર, અમદાવાદ-૮. ફોન નં. : ૫૪૬૮૪૨૦

# (૧) જીવનની ક્ષણો

*તા. ૯-૧૨-૨૦૦૨* *પૂ. રાજયોગી નરેન્દ્રજી*

**વ્હાલા આત્મીયજનો**

આજે ઉપાસના દિન છે. શ્રધ્ધા નિવાસમાં માતાજીના ૧૪ મા પાટોત્સવનું પાવન પર્વ છે. સમયના વહેણની સાથે સાથે શ્રધ્ધાની સુવાસ, ભાવિક ભક્તોની શ્રધ્ધાના સુમનને મહેંકાવી રહી છે. સંધ્યા ટાણે ભાવિકો શ્રધ્ધાની સુવાસ, શાંતિ અને સત્સંગ માણવા ઉમટે છે. સંસારની સમસ્યાઓ અને પળોજણોથી થાકેલું તન અને મન 'શ્રધ્ધા'માં શાંતિ અનુભવે છે. સધિયારો મેળવે છે.

આમ જોવા જઇએ તો માનવ જીવન દ્વંદ્વોથી ભરેલું છે. સુખ દુ:ખનાં ચઢાવ-ઉતાર માનવ મનને શાંતિ, અશાંતિના વમળોમાં ફંગોળાતા રહે છે. સુખ અને દુ:ખની ક્ષણોમાં સમતા રાખવાની સમજણ અને ક્ષમતા સત્સંગ દ્વારા મેળવી શકાય છે. સુખ અને દુ:ખતો માનવ જીવનની ઘટમાળમાં વણાઇ ગયાં હોય છે. વળી માનવ જીવન તો સમયના વહેણમાં વહેતું જ રહેવાનું છે. ક્ષણ ક્ષણના સરવાળામાં, શ્વાસ ઉચ્છ્વાસના આવાગમનમાં જીવન સરકતું રહે છે. જન્મ અને મૃત્યુ, જીવનનો ઉદય અને અસ્ત, દિવસ અને રાત્રિની જેમ પરમાત્માની સૃષ્ટિમાં અવિરતપણે ચાલ્યા જ કરે છે.

જીવનની સરી જતી ક્ષણોને સાત્ત્વિક સુખદાયી બનાવવી તે આપણા હાથની, આપણા પુરુષાર્થની વાત છે. આપણા સાત્ત્વિક પુરુષાર્થથી.....

૧) જીવનના પ્રત્યેક શ્વાસ ઉચ્છ્વાસને સભાનતાથી મંત્રમય, નામસ્મરણમય બનાવી દઇએ.

૨) જીવનની પ્રત્યેક ક્ષણને પરમના સતત સ્મરણ અને સાનિધ્યમાં જ વિતાવીએ.

૩) જીવનનું પ્રત્યેક કાર્ય પરમની પ્રીતિ અર્થે જ કરીએ.

૪) જીવન વ્યવહારમાં બજાવવી પડતી ફરજોને પરમની પૂજા સમજીએ.

આમ તો ક્ષણ ક્ષણના સરવાળાથી જ જીવન બનતું હોય છે. જીવનની વર્તમાનમાં રહેલી ક્ષણ જ જીવન છે. વહી ગયેલી ક્ષણ મૃત્યુ છે. જીવનની વર્તમાન ક્ષણ સુખમય, મંગલમય, કલ્યાણમય બનાવી શકાય તો જ મૃત્યુ સુખમય, મંગલમય, કલ્યાણમય બની શકે. વર્તમાન ક્ષણનો સદ્ઉપયોગ જ સાત્ત્વિક જીવન સર્જી શકે.

જીવન પ્રવાહમાં અમુક ક્ષણો દેવદૂત બનીને આવે છે. આવી અમૂલ્ય, કલ્યાણકારી ક્ષણો જ માનવજીવનમાં આમૂલ પરિવર્તન લાવી શકે છે. જીવન પ્રવાહને આનંદમય, મંગલમય બનાવી દે છે. આપણે જીવનની દરેક ક્ષણનો સદ્ઉપયોગ કરીને, સાત્ત્વિકતાથી સભર કરવાની આદત પાડીએ અને સતત જાગૃત રહેવાનો પરિશ્રમ કરીએ તો દેવદૂત સમી સાત્ત્વિક ક્ષણો માનવ જીવનને આધ્યાત્મિક ગુરુશિખર પર પહોંચાડવા, બિરાજમાન

કરાવવા સક્ષમ બની શકે છે. આપણા શરીરના પ્રાણમય કોષમાં ઓમકારનો, સોડહમ્નો ધ્વનિ ગૂંજતો રહે છે શ્વાસોચ્છ્વાસની ક્રિયા દ્વારા સોડહમ્ ધ્વનિ સાંભળી શકાય છે. નિયમિત પ્રાણયામથી શ્વાસોચ્છ્વાસનું નિયમન કરી શકાય છે અને સોડહમ્ ગૂંજારવને સ્પષ્ટ સાંભળી શકાય છે.

આપણા સાત્ત્વિક વાણી, વર્તન અને વ્યવહારથી આપણી ભીતરના મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય કોષ ખુલ્લા થાય છે. પરમની નજદીક હોવાનો અહેસાસ આપણને થવા લાગે છે.

આપણા સાત્ત્વિક પૂજાયુક્ત વ્યવહારથી આપણા સુખ, શાંતિનો સરવાળો વધતો જાય છે. આપણા વ્યક્તિત્વમાં નિખાર આવે છે. આપણું આભામંડળ વધુ તેજસ્વી અને પ્રતિભાશાળી બને છે. આપણા વ્યવહારમાં વિનય, વિવેક અને નમ્રતા આવે છે, અહમ્ભાવ ઓગળી જાય છે. જીવનની પ્રત્યેક ક્ષણને સાત્ત્વિક બનાવવાનો આપ આજથી જ દૃઢ સંકલ્પ કરશો તો બગીચામાં ખીલેલા, મહેંકતા, પુષ્પોના પમરાટ જેવું આપનું જીવન પણ પરમના બગીચાનું પુષ્પ બની, જીવન સુવાસને સમાજમાં પ્રસરાવી શકશો. પરમની સૃષ્ટિને સાત્ત્વિકતાથી સભર કરવા, સજાવવા આપણા જીવનની પ્રત્યેક ક્ષણને સમર્પિત કરીએ.

મારા આપ સર્વેને આશીર્વાદ **ૐ મા ૐ**

## (૨) દિવ્ય સંદેશ

તમારા સમસ્ત જીવનને પ્રેમથી છલકાવી દો, સ્મિતથી સભર બનાવી દો
વિશ્વાસ, સહાનુભૂતિ અને સચ્ચાઇ કેળવો, અહમ્ને ઓળખી ઓગાળી નાખો
સાત્ત્વિક આનંદની પ્રાપ્તિનો અનુભવ કરી, સ્થિતપ્રજ્ઞ બનો વૈરાગી રહો
તમે આ ધારો છો તેટલું દુષ્કર નથી
સહેલાઇથી પ્રાપ્ત થઇ શકશે.
ધીરજ ધરો સહનશીલ બનો
મિત્રોમાં અવશ્ય વૃધ્ધિ થશે.
શત્રુ મૈત્રીનો હાથ લંબાવશે.
કોઇપણ પરિસ્થિતિમાં નમાલા ન બનો, ખુમારી કેળવો.
જીવનને ખમીરવંતુ બનાવો
જુઓ, દસે દિશાઓમાંથી ઇશ્વરીય સહાય તમને મળી રહેશે.
ગભરાઓ નહિં, કાર્ય કર્યે જાઓ
હવે સફળતાની સરહદો બહુ દૂર નથી
મારા તમને આશીર્વાદ છે.

*રાજયોગી નરેન્દ્રજી*

# (3) વિવેક - જ્ઞાનગોષ્ઠિ

**(શ્રધ્ધા કુટિરમાં તા. ૨૧-૬-૯૮ ના રોજ આયોજિત જ્ઞાનગોષ્ઠિના સંકલિત અંશો)**

**(૧) હેમંતભાઇ :-** વિવેક એટલે સંસ્કાર, સંસ્કૃતિ, ચારિત્ર્ય અને સદ્‌ગુણોની પારાશીશી. વિવેક એટલે મર્યાદાનું પ્રતિક. જ્યાં વિવેક મર્યાદા ઓળંગી જાય ત્યાં વિનાશને આમંત્રિત કરે. માનવ-દાનવમાં, પુણ્ય-પાપમાં તથા સ્વર્ગ-નરકમાં ફેરવાય. જગતના સર્વ સદ્‌ગુણો જ્યાં સુધી વિવેકબંધનમાં છે. ત્યાં સુધી નમનને યોગ્ય છે. વિવેક એ સત્યનો પડછાયો છે. જ્યાં એક છે ત્યાં બીજું હોય જ. વિવેકથી સત્યનું સ્વરૂપ સમજાય અને તેને સહારે સત્યની પ્રાપ્તિ માટે આગળ વધી શકાય. સત્યને માટે વિવેકનો સહારો જોઇએ અને વિવેકની સાર્થકતા સત્ય સુધી પહોંચવામાં જ છે. જગતમાં સૂર્ય એ પ્રકાશનો મુખ્ય સ્ત્રોત છે. એ ના મળે તો ચન્દ્ર, ચન્દ્ર ના મળે તો દીવો અને દીવો ના મળે તો વિદ્વાન અને વિદ્વાન પણ ન મળે તો પોતાના અંતઃકરણના વિવેકના આધારે માર્ગ અપનાવો. સાંસારિક પ્રકાશ ન મળે ત્યારે વિવેકની જ્યોતિ ખરી વાત બતાવે છે. આપણા જીવનમાં દુર્ગુણોના નાશ માટે પૂજ્યશ્રીએ નવ સિધ્ધાંતોની દવા આપી છે. એનાથી આપોઆપ વિવેક આવી જશે. આપણને વિવેકસૂત્રની નાડાછડી બાંધનાર પરમ પૂજ્ય ગુરુદેવના ચરણોમાં શત શત વંદન.

**(૨) મનેષભાઇ :-** વિવેક એટલે અહમ્‌ને નાશ કરવાનું શસ્ત્ર. જીવનમાં કામ, ક્રોધ, મોહ, મદ, મત્સર વગેરે પર કાબુ રાખવાનું કાર્ય વિવેકથી જ શક્ય બને છે. વિવેક એ સંસ્કારની આભા-પ્રતિબિંબ છે, તો સહનશીલતાની કસોટી અને પ્રેમનું પ્રતિક છે. વિવેક, માનવને નમાલો, નહિંમત કે હારેલો બનાવતો નથી, કે વર્ચસ્વ છીનવી લેતો નથી, એ તો અન્યના હ્રદયમાં શીતળ વર્ષાની જેમ, પ્રેમનું ઝરણું પ્રગટાવે છે.

**(૩) ભરતભાઇ :-** 'આત્મા નિત્ય છે અને આત્માથી ભિન્ન સર્વ અનિત્ય છે' એવો વિચાર તે વિવેક-વિવેકના બે પ્રકાર (૧) નિત્યાનિત્ય વસ્તુ વિવેક અને આત્મઅનાત્મ વિવેક-વિવેક એટલે તત્વજ્ઞાન-લૌકિક વિવેક અને સામાજિક વિવેક ઘણાં લોકોને હોઇ શકે. જગત અને જગદીશ્વર. નશ્વર અને શાશ્વત વચ્ચે ભેદ જાણાવો તે વિવેક. જેના જીવનમાં વિવેક નથી તે ખરેખર દયાજનક છે. મનુષ્યને મળેલી ઉત્તમ બુધ્ધિ અને મનનો જો માનવી ખરો ઉપયોગ કરે, જીવનમા અંતઃસ્તલમાં ડોકીયું કરી પોતાના આત્મસ્વરૂપને ઓળખે તે જ સાચો વિવેક છે. જીવનમાં પ્રભુ તરફ જવાની પ્રબળ ઇચ્છા જાગે તે જ સાચો વૈરાગ્ય-વિવેક. પૂજ્યશ્રીએ પણ કહ્યું છે કે,મનુષ્યના હ્રદયમાં શિવનો વાસ છે અને તેથી આત્માનો આદર સત્કાર જરૂરી છે.

**(૪) પ્રતિક્ષાબ્હેન :-** વિવેક એટલે માનવ જીવનની નૌકાનું સુકાન-વિવેક હંમેશાં માર્ગદર્શનનું કાર્ય કરે છે. અને મનુષ્યને એની ફરજનું ભાન કરાવતો રહે છે. આ યુગની અપેક્ષા તો પ્રત્યેક વ્યક્તિને વિવેકશીલ બનાવવાની છે. આત્માના સંસ્કારો જાગૃત કરવા

અંદરની વિવેકશક્તિ અને વિવેકબુધ્ધિને જાગૃત કરવી જોઇએ. પૂજ્યશ્રીને એટલી જ પ્રાર્થના કે અમારી અંદર રહેલી વિવેકશક્તિને સદાય જાગૃત રાખજો.

**(૫) રેખાબ્હેન શાહ :-** વિવેક તો સંયમથી જ ધારણ થાય. પોતાની બુધ્ધિ શક્તિથી પોતાના સ્વનિયંત્રણનું સાધન એટલે વિવેક. સત્ અસત્‌ના વિચારોનું બીજું નામ તે વિવેક. કોઇપણ વસ્તુનું સાત્વિક દર્શન આપણને વિવેક બુધ્ધિ આપે છે. ગીતાજીમાં ભગવાને અર્જુનને પહેલી વિવેક બુધ્ધિ એ આપી કે, તું કર્તા નથી. તું સાધન છે. તું કેવળ નિમિત્ત જ છે. જગતને ચલાવનારો તું નથી. બુધ્ધિ અને લાગણી એક જ ચેતનાનું પરિણામ છે. માટે લાગણીમાં પણ વિવેક બુધ્ધિ હોવી જોઇએ, જેનાથી સદાચાર કેળવાશે. ભક્તિ અને શ્રધ્ધા સાથે પણ વિવેક જરૂરી છે. વિવેક આંખ છે અને શ્રધ્ધા ચરણ છે. વિવેક સાથેની શ્રધ્ધા હંમેશાં કલ્યાણકારી હોય છે.

**(૬) નીલાબ્હેન માલવી :-** હાથનું ઘરેણું દાન છે, ગળાનું ઘરેણું સત્ય છે, કાનનું ઘરેણું શાસ્ત્ર છે અને વાણીનું ઘરેણું વિવેક છે અને એટલે વાણી, વિનય અને એકબીજાની સાંકળ છે. શિક્ષણથી વિનય આવશે, પણ જ્યાં સુધી માનવીમાં વાણી અને વિવેક નહીં હોય ત્યાં સુધી તે અધૂરો છે. વિવેક અને નમ્રતા, વ્યક્તિને અંદરથી સુખ આપે છે. રામ વિવેકી હતા અને જીવનમાં દરેક વસ્તુમાં વિવેક બતાવ્યો તો મર્યાદા પુરુષોત્તમ કહેવાયા. આપણે પણ વિવેકની મર્યાદામાં રહી શકીએ એટલી પૂજ્યશ્રીને પ્રાર્થના.

**(૭) મૃદુલાબ્હેન (મુંબઇ) :-** વિવેક, માનવીના શુધ્ધ અંતઃકરણનો એક ભાગ છે વિવેકથી વાચા બદલાઇ જાય છે. વિવેકથી વાસ્તવિક જીવનમાં સદાચાર, સન્મતિ અને સુશીલતા સંપન્ન થાય છે. વિવેકપૂર્ણ વાક્ય માણસને પ્રેમની દોરથી બાંધી દે છે. અને વિવેકપૂર્ણ વાચા વિકારોને ખેંચે છે. આધ્યાત્મિક દૃષ્ટિએ વિવેક એક બહુમૂલી વસ્તુ છે. સારાં અને સાચાં સદ્‌ગુણથી ઘડાઇને, કેળવાઇને આવેલો માનવી પરમ તત્વના દ્વાર પર સહેલાઇથી ડગ માંડી શકે છે. અવિવેકી માણસમાં જડતા અને તામસ પ્રકૃતિ સાથે કુભાવ દૃષ્ટિગોચર થાય છે. આપણે વિવેક જાગૃત કરવા, પરમેશ્વરીના એ પરમ અંશાવતારીના ચરણમાં પ્રણામ કરી, આ સદ્‌ગુણ ખીલવવા આશીર્વાદની યાચના કરીએ અને અલૌકિક પ્રેમ રસપાનના ભોક્તા બનીશું.

**(૮) કમલ જાની :-** સત્ય અને અસત્યનો ભેદ પારખવાની શક્તિનું નામ વિવેક. જે વ્યક્તિ વાણી, વર્તન અને વ્યવહારમાં વિવેક રાખે તે પરમને પ્રિય બને. પ્રકૃતિમાં પણ વિવેક અથવા નમ્રતા જોવા મળે છે. વાવાઝોડામાં જે વૃક્ષો નમી જાય છે તે બચી જાય છે. બીજા ધરાશાયી થાય છે. જેને માટે અવિવેકી લોકો પડાપડી કરે છે, તેને માટે વિવેકી લોકો ઉદાસીનતા રાખે છે. વિવેકી મનુષ્ય જીવનમાં સાત્વિકતા લાવવા હંમેશાં શ્રેયની જ પસંદગી કરે છે. અહીં શ્રેય એટલે આધ્યાત્મવિદ્યા અને આત્મજ્ઞાન. બે ક્રિયા સાથે ચાલવી જોઇએ. શ્રેયનો પુરસ્કાર અને પ્રેયનો તિરસ્કાર. જે બે ક્રિયા સાથે કરી શકે તેને વિવેકી કહેવાય.

**(૯) સ્નેહાબ્હેન :-** સૃષ્ટિના રચયિતાએ મનુષ્યને મન આપ્યું. જ્ઞાન સંગ્રહવાનું એક માત્ર સ્થાન છે મન. માણસને જાણવો અઘરો છે. જીવનમાં સુખ મેળવવા માનવી અનેક પ્રકારની પ્રવૃત્તિ કરે છે. પદાર્થોની વચ્ચે ભટકતા ઉત્તેજિત થયા કરે છે. બ્રહ્મ સત્ય અને જગત અસત્ય છે. આ વિવેક છે. સારાસાર અને આત્મા-અનાત્માનો ભેદ પારખવો તે વિવેક છે. સતત્ સત્સંગ અને શ્રવણથી જ વિવેક મળે છે. વિવેક જાગૃત થયા પછી મનનું જોર ઓછું થઇ જાય છે, અને ગુણ-અવગુણ, સુખ-દુ:ખની કોઇ અસર થતી નથી. આપણને ઇશ્વરથી જૂદા રાખનાર પણ મન જ છે. પૂજ્યશ્રીની કૃપાથી મનનો સંયમ અને વિવેક જાગૃતિ બને એટલી પ્રાર્થના.

**(૧૦) પુષ્પાબ્હેન :-** વિવેક એટલે જીવન જીવવાનો જાદુ. તેમાં પણ મન અને વિવેક જોડીયા ભાઇઓ છે. આપણાં મનનાં વિચારો દ્વારા વિવેકથી વર્તન થાય છે. મનુષ્ય માત્ર જન્મથી માનવ નથી થતો, વિવેક દ્વારા માણસાઇ ભર્યા વર્તનથી માનવ થવાય છે. ઘણીવાર અજ્ઞાની અને અણસમજુ માણસો અવિવેકી બને છે, અને પોતે દુ:ખી થાય છે. માણસ ઘર બનાવી શકે છે પણ ઘરમાં સુખથી, શાંતિથી રહેતાં આવડતું નથી, મધુરભાષી માણસ, સદા પૂર્ણપણે સ્વસ્થ રહે છે. નિરંતર કામમાં પ્રવૃત્ત માણસ, કોઇ દિવસ હારેલો, થાકેલો, ભયભીત કે ચિંતિત નહીં દેખાય. તે હંમેશાં હસમુખ અને તંદુરસ્ત રહે છે. માટે જીવનવિકાસનો આધારસ્થંભ જ વિવેક છે.

**(૧૧) પારૂલબ્હેન :-** બ્રહ્મ સત્ય છે, એવો નિશ્ચય, એ નિત્યાનિત્ય વસ્તુ વિવેક છે. તમોગુણના આવરણને કારણે મનુષ્ય વિવેક શૂન્ય બને છે. રજોગુણની વિક્ષેપ શક્તિને કારણે માનવ વિવેક ગુમાવી બેસે છે. રામાયણમાં તુલસીદાસજી લખે છે.

**"બિનુ સત્સંગ, વિવેક ન હોઇ,**
**રામકૃપા બિનુ સુલભ ન સોઇ"**

હું કાંઇક છું એવું જ્યારે માણસ બોલતો હોય ત્યારે વિવેક શૂન્ય અહંકારી લાગે, પરંતુ જ્યારે વિવેક જાગૃત થાય છે ત્યારે હું ભગવાનનો છું એમ બોલે છે. આધ્યાત્મિક જીવન અને સ્વને સમજવાની ફુરસદ જ નથી. આત્મા-પરમાત્માની વિવેકશક્તિ જાગૃત કરવા પ્રબળ પુરૂષાર્થ કર્યા વગર સાચો વિવેક શક્ય નથી જ.

**(૧૨) જયા ઉપાધ્યાય :-** 'વિવેક' શબ્દ મૂળ આદિ જગદ્ગુરૂ શંકરાચાર્યના 'વિવેક ચૂડામણી' નો છે. વિવેક આપણામાં સુષુપ્ત અવસ્થામાં પડેલો હોય છે, તેને માત્ર જાગૃત કરવાનો છે. તુલસીદાસજી કહે છે, સત્સંગ વગર વિવેક મળતો નથી અને રામકૃપા વગર સત્સંગ મળતો નથી. સત્સંગ એટલે સત્યનો સંગ. સારા અને સાચા માણસનો સંગ. ગંગાસતી પાનબાઇએ પણ કહ્યું છે કે, 'વચન, વિવેકી પાનબાઇ, જે નરનારીને બ્રહ્માદિક લાગે એને પાય.' અર્થાત્ જે માણસ વચન, વિવેકી છે તેને બ્રહ્માદિ વગેરે દેવતાઓ પણ પગે લાગે છે. આટલું વિવેકનું મહત્વ છે. રામચરિત માનસ કહે છે. "સચિવ બિરાગ, વિવેક

નરેશુ" - વિવેક રાજા છે. એનો સચિવ એટલે પ્રધાન વૈરાગ્ય છે. શાંતિ અને સુમતિ (સદ્‌બુધ્ધિ) તેની રાણીઓ છે. અને વિવેક વગર આ બધું જ નકામું છે. ગુરૂચરણામૃતથી આપણામાં વિવેક જાગૃત થાય એ જ પ્રાર્થના.

**(૧૩) જસવંતભાઇ :-** જીવનની ગાડીના સંચાલન માટે સુયોગ્ય ડ્રાયવર એટલે વિવેક. માનવ દેહમાં બેઠેલો આત્મા જો વિવેકથી વર્તે, તો શાંતિ મેળવી શકે, સાથે સાથે અનેકને સુખ આપી શકે છે, અને નરમાંથી નારાયણ બની શકે છે. વિવેકથી આવે જાગૃતતા, અને સભાનતા. વિવેકથી જીવન બને દિવ્ય, અને માનવતા મહેંકી ઉઠે.

**(૧૪) સુકુમાર :-** જે મનનો ઉત્કર્ષ કરે અને ઇશ્વરની નજીક લઇ જાય ત્થા જે અંતઃકરણમાં આનંદ ઉત્પન્ન કરે અને મનની શાંતિ બક્ષે તે સાચું અને જે અંતરાત્માને ખરકે અને ઇશ્વરથી દૂર લઇ જાય તે ખોટું. સુખ અને દુઃખમાં જેને કર્તવ્યની અને ભાવની વિસ્મૃતિ થતી નથી અથવા જેમને સુખદુઃખના પ્રસંગોમાં આત્મવિસ્મૃતિ થતી નથી તેને વિવેકશીલ માનવ કહેવામાં આવે છે. આમ હર્ષ અને શોકમાં જે લોકો બુધ્ધિ અને મનનું સમતોલપણું ગુમાવતા નથી તેવા લોકો વિવેકી, બની શકે છે અને વિવેક જાળવી શકે છે.

**(૧૫) બિંદીયા શુક્લ :-** વિવેક એટલે કે "Power of Discrimination" વિવેકથી મનુષ્ય પોતાની અંદર રહેલા અહમ્‌નો ત્યાગ કરી શકે છે. વ્યક્તિત્વને દીપાયમાન બનાવવા માટે મનુષ્યની શારીરિક સુંદરતા સાથે સાથે સ્વભાવલક્ષી ગુણો (વિવેક) આવશ્યક છે. વિવેક એટલા જીવનના દરેક પગથિયાને સાચું કે ખોટું પૂછવાની પ્રશ્નાર્થ શક્તિ. પૂજ્યશ્રીને એજ પ્રાર્થના કે, અમારામાં રહેલી વિવેકશક્તિ સદાય વિકસિત રહે અને તેમાં તમારા આશીર્વાદથી વૃધ્ધિનો સંચાર થતો રહે.

**(૧૬) પૂ. બ્હેનજી :-**

(i) વિવેક છે એક પરમ પ્રકાશ
વિદારે અજ્ઞાનનો અંધકાર
પ્રગટાવે જ્ઞાનનો સૂરજ
વહાવે પ્રેમની સરિતા.

(ii) વિવેકથી પરખાયે ભેદ
સત્ય અસત્ય તણો
સારા નરસા તણો.

(iii) વિવેક બને જો માનવ ગુણ
માનવ બને સદ્‌ગુણી કહેવાય વિવેકી.

(૧) વિવેકી સદાય રહે સ્થિત પ્રજ્ઞ
સત્યાચરણને બનાવે જીવનમંત્ર
મનોબળ મજબૂત રાખે

આત્મવિશ્વાસથી જીવન જીવે.

(૨) મોહમાયામાં ફસાય નહીં

ઇર્ષ્યા - નિંદાથી અળગો રહે

લોભ લાલચમાં ફસાય નહીં.

અહંકારથી અભડાય નહીં.

(૩) સુખમાં કદી છકી ન જાય

દુ:ખમાં કદી હારી ન જાય

સંયમી ને સમદર્શી રહે

ષડ્‌વૃત્તિઓને નિયંત્રણમાં રાખે.

(૪) કર્મ કરે નિર્લેપભાવે

કર્મબંધનમાં લોપાય નહીં

પરમનો પયગંબર બને

મોક્ષનો અધિકારી બને.

(૫) મન-વચન કર્મ થકી પવિત્ર રહે

માનવતાની મહેંક પ્રસરાવે.

(iv) ધ્યાન, ધારણા, મનન ને મંત્રજાપ

સત્‌સંગ અને સંત સમાગમ

સદાય રહે જીવનમાં

તો વિવેક પ્રગટે આતમમાં...

**(૧૭) પ. પૂ. ગુરુદેવ :-** વિવેકનો જન્મ મનુષ્યની નમ્રતામાંથી થાય છે. વિવેક એટલે મનુષ્યે બીજાઓ સાથેના વહેવારમાં દરેક પ્રત્યેનો પૂજ્યભાવ, વાણી અને વર્તનમાં દાખવવો જોઇએ. વિવેક માટે માનવે પૈસા ખર્ચવાની કે અગરતો બહાર કાંઇ શીખવા જવાની જરૂર નથી. વિવેક સ્વયમ્ માનવમાંથી પ્રગટે છે અને વિવેકી માણસ સંયમી અને સમદર્શી હોય છે. વિચાર કરીને બોલાય તો વિવેક અનુભવાય. વિવેક આચરવાથી તમારા આજુબાજુના વાતાવરણમાં આનંદ પ્રસરાય છે. તમો માનવ બંધુઓના પ્રીતિપાત્ર બનો છો. આમ વિવેક આચરવાથી તમારી જિંદગીનું સૌંદર્ય ઓર ખીલી ઉઠે છે.

દરેક ભક્તોનાં ભૂત અને ભવિષ્ય ત્થા સારાં અને નરસાંને વિવેકદષ્ટિથી નીહાળીને માત્ર કલ્યાણમય, પ્રેમમય, સહાનૂભુતિપૂર્વકના શ્રધ્ધામય સંવેદનોથી પીડામુક્ત કરીને માતાજીની શરણાગતિની ચાદરમાં સુખની નિંદ્રા આપનાર પરમ્ પૂજ્ય ગુરુદેવની વિવેકશક્તિ અને વિવેકભક્તિને અમારાં કરોડો ભક્તોનાં દંડવત્ પ્રણામ.

**ૐ મા ૐ**

# (૪) વિવેક - પ્રશ્નોત્તરી

**(શ્રધ્ધા કુટીરમાં તા. ૪-૭-૯૮ ના રોજ આયોજિત પ્રશ્નોત્તરીમાં પૂજ્ય ગુરુદેવે પોતાના શાસ્ત્ર આધારિત આપેલા ઉત્તરો.)**

**સવાલ : વિવેક અને વિનયનો ભેદ (તફાવત) સમજાવો.**

જવાબ : વિવેકથી વ્યક્તિ વિવેકી બને છે. તેનાથી સત્ય, અસત્ય, સારા, નરસાંનો ભેદ પારખી શકાય છે. વિવેકથી અંતરાત્માના અવાજને. સત્યને, અનુસરવાનો અને શુભ કાર્યોમાં પ્રવૃત્ત થવાનો રાહ મળે છે. વિવેકથી વ્યક્તિ સર્વાંગી શુભ અને વિનયથી આચરણ કરે છે.

વિનય એ વ્યક્તિનું નમ્રતાયુક્ત આચરણ છે અને તે તેના વાણી, વર્તન, વ્યવહારમાં પ્રદર્શિત કરી શકાય છે. વિનય વ્યક્તિનો સ્વભાવ જ બની જાય તો તે વિવેકી બની શકે, પરંતુ જો કામચલાઉ, ક્ષણિક કે અમુક પ્રસંગે જ, અથવા અમુક માણસો સમક્ષ જ વિનયી આચરણ કરવામાં આવે તો તે વિનય આડંબર બની જાય.

**સવાલ : વિદ્યા વિનયથી શોભે છે તો વિવેક કોનાથી શોભે છે ?**

જવાબ : વાણી, વર્તન અને વ્યવહારમાં સત્યાચરણથી વિવેક શોભે છે.

**સવાલ : પ્રચલિત શબ્દ પ્રયોગ છે 'વિવેકશૂન્ય' કોઇ ક્રોધશૂન્ય, ઇર્ષ્યાશૂન્ય કહેતું નથી. તો વિવેકને શૂન્ય સાથે કેમ જોડ્યો ?**

જવાબ : 'વિવેકશૂન્ય' શબ્દ અવિવેકી વ્યક્તિ માટે વપરાય છે. ક્રોધ, ઇર્ષ્યા, અવિવેક વગેરે દુવૃત્તિઓ, દુર્ગુણો છે જે મનુષ્યની જિંદગીમાં શૂન્યાવકાશ, વિનાશ નોંતરે છે.

વિવેક એ સાત્વિક ગુણ છે. પરંતુ તેનામાં અવિવેકનું આવરણ આવે ત્યારે તે બરબાદી નોંતરે છે. ક્રોધ અને ઇર્ષ્યા તો સ્વયમ્ દુર્ગુણ છે તેનું પરિણામ શૂન્યમાં જ પરિણમે પરંતુ ક્રોધ અને ઇર્ષ્યામાં શૂન્ય એટલે ગેરહાજરી હોય તો માણસ વિવેકી બની જાય. વિવેકને શૂન્ય સાથે જોડવાનો હેતુ વ્યક્તિનું અધઃપતન, દુર્ગુણ દર્શાવે છે.

**સવાલ : વિવેક અને સત્યને શું સંબંધ છે ?**

જવાબ : વિવેક, સત્યને પારખવાનું સાધન છે, દૃષ્ટિ છે. વિવેક અને સત્યનો સંબંધ સાધન અને સાધ્યનો કહી શકાય.

**સવાલ : વિવેકના પ્રકાર અથવા સાંસારિક વિવેક અને આધ્યાત્મિક વિવેકને**

**વિસ્તારથી સમજાવો.**

જવાબ : વિવેકના પ્રકારો હોઇ શકે નહિં. સાંસારિક કે આધ્યાત્મિક જગતમાં કે જીવનના કોઇપણ ક્ષેત્રમાં, સત્ય, અસત્ય, સારા, નરસાંનો ભેદ પારખવાની શક્તિ જરૂરી છે. સંસારમાં રહીને સંયમી અને સમદર્શી બનીએ, ષડ્‌વૃત્તિઓને નિયંત્રણમાં રાખીએ અને સંસારનું પ્રત્યેક કાર્ય ફરજની રૂએ, અનાસક્ત ભાવે, પ્રભુ પ્રિત્યર્થે જ કરીએ તો અસત્યાચરણમાંથી ઉગરી જવાય.

**સાંસારિક અને આધ્યાત્મિક વિવેકને અળગા પાડી શકાય નહીં. વાણી, વર્તન અને વ્યવહારમાં એકરૂપતા, પવિત્રતાને જીવનમાં આત્મસાત કર્યા પછી વ્યક્તિ કોઇપણ ક્ષેત્રમાં હોય તે હંમેશાં વિવેકી અને જગવંદ્ય જ હોય છે.**

**સવાલ : સામાન્ય જગતમાં વાણી અને વર્તનમાં વિવેકની આશા રખાય છે, તો આધ્યાત્મિક જગતમાં વિવેકની આશા ક્યાં રખાય છે ?**

જવાબ : આધ્યાત્મિક જગતમાં અથવા સામાન્ય જગતમાં જ્યાં વિવેકની ઉપસ્થિતિ હોય ત્યાં વાણી, વર્તન અને વ્યવહારમાં પવિત્રતા અને સત્યાચરણની ઉપસ્થિતિ હોય જ. **વિવેક એટલે સત્યાચરણ અને જ્ઞાનનો પ્રકાશ.**

**સવાલ : દેવો ક્યારેય વિવેકની મર્યાદા ઓળંગે છે ખરા ? દા. ત. મહાદેવે પોતાના પુત્રનું માથું ક્રોધમાં ધડથી જૂદું કર્યું અને પછી હાથીનું મસ્તક લગાવ્યું તો એ વિવેકભંગ ગણાય ?**

જવાબ : શાસ્ત્રો કથિત કથાઓમાં દેવો કોપાયમાન થયાના અને શ્રાપ આપ્યાના અનેક પ્રસંગો છે. શિવજીએ ગણપતિનો શિરચ્છેદ કર્યો તે વાત છે. મારા મંતવ્ય અને સમજ અનુસાર સામાન્ય જનસમાજને દેવોના આવા કૃત્યો અવિવેકી લાગે, પરંતુ તેની પાછળ કોઇ અગમ્ય શુભ હેતુ, શુભ સંકેત જ સમાયેલો હોય છે. આપણી સામાન્ય બુધ્ધિથી, અસામાન્ય અને દૈવી આત્માઓની, પરમાત્માની બુધ્ધિ, શક્તિ અને કાર્યોને મૂલવી શકાય નહીં.

**સવાલ : વિવેક પ્રાપ્તિની કોઇ જડી બુટ્ટી આપશો ?**

જવાબ : વિવેક પ્રાપ્તિની જડી બુટ્ટી છે સ્વમૂલ્યાંકન અને સત્યાચરણ.

**સવાલ : શ્રધ્ધા અને શરણાગતિમાં વિવેક કઇ હદ સુધી અપેક્ષિત છે ?**

જવાબ : શ્રધ્ધા અને શરણાગતિની હદ બાંધી શકાય નહીં. શ્રધ્ધા અને શરણાગતિ તો પરિધ છે. પરિધનો વિસ્તાર વ્યક્તિ પોતાની ક્ષમતા અનુસાર કરી શકે. શ્રધ્ધા અને શરણાગતિમાં વિવેક સંમિશ્રિત થઇ જવો જોઇએ. વિવેકયુક્ત શ્રધ્ધા અને શરણાગતિથી જ વ્યક્તિ ઉપાસનાના ગિરિ શિખરો આંબી શકે.

**સવાલ : વિવેક કોને કહેવાય છે ?**

જવાબ : વિવેક એ વ્યક્તિના અંતરાત્માનો પ્રકાશ છે કે જે સત્ય અને અસત્યના, સારા અને નરસાના ભેદ પારખવાની ક્ષમતા અને શક્તિ ધરાવે અને સત્યને અનુસરે છે.

**સવાલ : વિવેકના લક્ષણો વિસ્તારથી સમજાવવા વિનંતિ.**

જવાબ : સાત્વિકતા, સંયમ, સમદર્શિતા, વિનય, નમ્રતા, દૃઢ મનોબળ, મન-વચન-કર્મની પવિત્રતા, વાણી-વર્તન-વ્યવહારની એકરૂપતા, નિખાલસતા, વગેરે વિવેકના લક્ષણો ગણી શકાય.

**સવાલ : વિવેક એ 'માતાજી' ની કઇ પરિભાષા છે ?**

જવાબ : વિવેક એ 'મા' ની પરિભાષા નથી, પરંતુ "મા" પરમાત્માને મેળવવાનું સાધન માત્ર છે.

**સવાલ : વિવેક મેળવવા શું કરવું જોઇએ ?**

**જવાબ : સંત સમાગમ, સદ્‌ગુરૂનું શરણ, સ્વમૂલ્યાંકન, મંત્રજાપ, મનન, ચિંતન અને સ્વાધ્યાયથી વિવેક કેળવી શકાય. વિવેક મેળવવાનો ન હોય, કેળવવાનો હોય.**

**સવાલ : શ્રીરામ ભગવાન મર્યાદા પુરૂષોત્તમ, જયારે શ્રીકૃષ્ણની રીતિ-નીતિ ભિન્ન છે. તો સંજોગોનશાત્ ધર્મના પંથે વિવેકમાં થતો ફેરફાર વિવેક ગણાય કે કેમ ?**

જવાબ : ધર્મના પંથે વિવેકમાં કોઇ જ ફેરફાર થતો નથી. વિવેક એ સત્યાચરણ છે અને તે કોઇપણ યુગમાં રામ-કૃષ્ણ વગેરેના સમયમાં તે સમયને અનુરૂપ વિવેક જ હતો.

આજની પ્રશ્નોત્તરીમાં પૂજ્યશ્રીએ વિવેક અને દુર્ગુણોની ભેદરેખા સમજાવી. સમાજમાં વ્યક્તિઓને દુર્ગુણોથી, રોગોથી, યાતનાઓથી પીડામુક્ત કરવા માટે કાર્યયજ્ઞો અને સેવાયજ્ઞો દ્વારા સતત્ પરિશ્રમ કરતાં પૂજ્યશ્રીની વિવકગંગાના પવિત્ર જળથી આપણે સૌ પાવન થઇએ એ જ પ્રાર્થના.

**ૐ મા ૐ**

**સુતો હતો ને સ્વપ્ન આવ્યું,**
**હાકલ પડી છે. સેવા તણી**
**જાગીને જોયુંતો,**
**સાક્ષાત મા ખડી છે**

## (૫) પૂજ્ય રાજયોગીજીના સાનિધ્યમાં

**(શ્રધ્ધા કુટીરમાં ભક્તોની સાથે થતી સત્સંગની જીવન ઉપયોગી વાતો.)**

**સવાલ : પૂજ્ય ગુરૂદેવ વર્તમાન યુગમાં ત્યાગી બનવું મુશ્કેલ છે. અમારે શેનો ત્યાગ કરવો જેથી જીવનના વહેણને સાત્ત્વિક માર્ગે વાળી પરમની કૃપાના અધિકારી બની શકાય ?**

જવાબ : ત્યાગી થવા માટે ઘરસંસાર, કે પોતાનું કાર્યક્ષેત્ર છોડવાની જરૂર નથી. વનમાં જઇ પ્રભુભજન જપ તપ ભક્તિમાં જ જીવન પસાર કરવાની જરૂર નથી. જરૂર છે ફક્ત આપણા મનને વિતરાગી બનાવવવાની. સંસારની ફરજો નિષ્ઠાપૂર્વક બજાવતાં બજાવતાં, કાર્યક્ષેત્રમાં પ્રવૃત રહેતાં રહેતાં પણ આપ ત્યાગી બની શકો.

**ત્યાગી બનવા માટે આટલું તો અવશ્ય કરો જ :-**

| | | | |
|---|---|---|---|
| ત્યાગી બનો | કટુવાણીના, | કટુ વિચારના, | કટુ શ્રવણના |
| ત્યાગી બનો | કટુ વર્તનના, | કટુ વ્યવહારના, | કટુ વાસનાના |
| ત્યાગી બનો | અભિમાનના, | ખોટા વખાણના | |
| ત્યાગી બનો | વિકારોના, | વિહ્વળતાના | |
| ત્યાગી બનો | બાહ્યાડંબરના | અશ્રધ્ધાના | |
| ત્યાગી બનો | સ્પૃહાના, | રાગના, | સ્વાર્થના |
| ત્યાગી બનો | નિંદાના, | ઇર્ષ્યાના | |
| ત્યાગી બનો | દુરાગ્રહના, | કુટિલતાના | |

## હાસ્યનો મહિમા

**સદાય પ્રસન્ન રહો. પરમાત્મા આનંદ સ્વરૂપ છે. આપણે પરમાત્માના બાળકો આનંદમાં રહેવા માટેજ સર્જાયાં છીએ.જિંદગી હસવા માટે, પ્રસન્ન રહેવા માટે છે.**

હાસ્ય જીવનનું અમૃત છે.
હાસ્ય જીવનની સંજીવની છે.
હાસ્ય તન, મન અને સમસ્ત અસ્તિત્વને તંદુરસ્તી બક્ષનારૂં છે.
હાસ્ય મનનો ભાર હળવો કરે છે.
હાસ્ય ઉપાધિઓમાંથી મુક્ત કરે છે.
હાસ્ય હૃદયનું રસાયણ છે.
હાસ્ય સૌંદર્યનું પ્રસાધન છે.
હાસ્ય હૃદયનું દબાણ સમતોલ રાખે છે.
હાસ્ય અને રમૂજ શરીરની રાસાયણિક પ્રક્રિયાઓમાં સમતુલન લાવે છે.
હાસ્ય અને રમૂજથી આંતર બાહ્ય વાતાવરણ હળવું બને છે.
હાસ્ય અને રમૂજથી મરણાતોલ થયેલ જીવનમાં નૂતન ચેતનાનો સંચાર થાય છે.
હાસ્ય અને રમૂજથી નવા નવા અવકાશો ઉઘડે છે.

## (૬) શિવત્ત્વને જાગૃત કરીએ,

તા. ૧-૩-૦૩ પૂ. રાજયોગીજી

વ્હાલા શિવઉપાસકો અને ઉપાસિકાઓ,

આજે શિવરાત્રી છે. આપણામાં શિવત્ત્વને જાગૃત કરવાનો, વિકસાવવાનો અને લોકાભિમુખ કરવાનો મંગલ દિવસ છે, મંગલ પર્વ છે. શિવત્ત્વ એટલે વ્યક્તિમાં વિલસી રહેલ કલ્યાણ કારી સાત્ત્વિક તત્ત્વ. દરેક વ્યક્તિમાં તેની ક્ષમતા અને તેના પ્રારબ્ધ અનુસાર શિવત્ત્વ સમાયેલું હોય છે. સાત્ત્વિક, સદ્‌ગુણી તત્ત્વ એજ શિવત્ત્વ અથવા દેવત્ત્વ.

માનવ જીવન દૈવી, માનવીય અને દાનવીય વૃત્તિઓનું સંમિશ્રણ છે. આ ત્રણે વૃત્તિઓના ચઢાવ ઉતારમાં જ માનવ જીવન વ્યતિત થઈ જાય છે.

સંસ્કાર, પ્રારબ્ધ, પુરુષાર્થ અને વાતાવરણ માણસના વાણી, વર્તન અને વ્યવહાર પર સારી, માઠી અસર કરે છે. સાત્ત્વિક સંસ્કાર, શિક્ષણ, સંતસમાગમ અને સદ્‌ગુરુનું સાનિધ્ય, માર્ગદર્શન અને આશીર્વાદ જીવનના વહેણને ગટરમાંથી પવિત્ર ગંગાના પ્રવાહમાં પરિવર્તિત કરી શકે છે.

માણસ જો દ્રઢ સંકલ્પ કરેતો દેવ બની શકે, મહામાનવ બની શકે. દૈવી ગુણોને અપનાવવાનો, અને વિકસાવવાનો સતત પુરુષાર્થ તેમજ લોકકલ્યાણ અર્થે તેનો સાત્ત્વિક વિનિયોગ કરનાર વ્યક્તિ પર પરમાત્માની કૃપા દ્રષ્ટિ, અમીવર્ષા સતત થતી રહે છે.

આપણામાં રહેલ શિવત્ત્વ એટલે સાત્ત્વિક તત્વને જાગૃત કરવા માટે આપણી અંદર વિલસી રહેલ ચૈતન્યતત્ત્વને, આત્મતત્ત્વને આપણા જીવન પ્રવાહનું પ્રેરકબળ સમજી તેની સાથે ગોષ્ઠિ કરવી, પ્રાર્થના કરવી, વિચારોની આપલે કરવી, વિચાર વિમર્શ કરવો. અંતરાત્માના અવાજને સાંભળવો અને અનુસસરવો.

**" God is with me, I am not alone"**

**“પરમાત્મા મારી સાથે જ છે હું એકલો નથી”** આવો ભાવ મનમાં હંમેશાં રાખવાથી આપણને જીવનમાં શાંતિ અને નિર્ભયતા વર્તાવવા લાગશે. આપણી અંદર સુષુપ્ત પડેલી, છૂપાયેલી સાત્ત્વિક શક્તિઓ જાગૃત થવા લાગશે. કાર્યાન્વિત થવા લાગશે.

શિવત્ત્વ જાગૃત થયા પછી તેને આપણી અંદર રહેલા પાંચ કોષોને - પુષ્ટ કરવા પડે.

૧. અન્નમય કોષ ૨. પ્રાણમય કોષ
૩. મનોમય કોષ ૪. વિજ્ઞાન કોષ
૫. આનંદમય કોષ

આ પાંચ કોષો આપણા વર્તમાન જીવન તેમજ જન્મજન્માંતરનો વારસો છે. આપણું સ્થૂળ સૂક્ષ્મ અને કારણ શરીરનો વિકાસ પણ આ પાંચ કોષો પર આધારીત છે.

**૧. અન્નમય કોષ** - ને પુષ્ટ કરવા માટે સાત્ત્વિક, સમતોલ, સપ્રમાણ આહારને

પરમાત્માનો પ્રસાદ સમજીને ઉલ્લાસમય વાતાવરણમાં લેવામાં આવેતો શરીરને સાત્ત્વિક પોષણ મળી રહે. જેનાથી શરીર સ્વાસ્થ્ય અને સૌષ્ઠવ જળવાઈ રહે. સાત્ત્વિક આહારથી તૈયાર થતા શરીરના રસાયણો શરીરના કોષોને પુષ્ટ કરવામાં મદદ કરે છે. વળી પરમાત્માની કૃપાશક્તિ આપણા રોમેરોમમાં પ્રવાહિત થાય છે.

**૨. પ્રાણમય કોષ** - શુધ્ધ, સાત્ત્વિક હવા અને નિયમબધ્ધ શ્વાચ્છ્ોશ્વાસથી પ્રાણમય કોષ પુષ્ટ થાય છે. નિયમિત પ્રાણાયામથી શરીરના કોષોમાં ચેતના પ્રવાહિત થાય છે. પ્રાણાયામથી શ્વાચ્છ્ોશ્વાસની ક્રિયાને તાલબધ્ધ કરી શકાય છે. નિયમિત કસરત, પ્રાણાયામ અને પરમની સાત્ત્વિક, શુધ્ધ સૃષ્ટિમાં વિહાર કરવાથી પ્રાણમય કોષનો વિકાસ થતો રહે છે.

**૩. મનોમય કોષ** - મન એ સારા નરસા વિચારોનો પ્રવાહ માત્ર છે. મનના પ્રવાહને નિયંત્રિત કરવા માટે દ્રઢ મનોબળની જરૂર પડે, મનને મૌન અને ધ્યાન દ્વારા અંતર્મુખ રાખવા પ્રયત્ન કરવો પડે, દ્રઢ મનોબળ કેળવવા માટે, જીવનની આવશ્યકતાઓ અને ઈચ્છાઓનું વિશ્લેષણ કરી ઈચ્છાઓ - એષણાઓના તરંગોને વિહરવા ન દો. રાગ, દ્વેષ, ઈર્ષા અને અહમ્‌ને તટસ્થ ભાવે નિરખવાની આદત રાખીએ તો લાગણીના પ્રવાહમાં ખેંચાઈ જવાય નહિ. સ્વાધ્યાય સત્સંગ, સ્મરણ અને ધ્યાન મનોબળ વધારવામાં મદદ કરે છે. મનોમય કોષ પુષ્ટ થાય છે. મન આત્માના નિયંત્રણમાં, અંકુશમાં રહે છે.

**૪. વિજ્ઞાનમય કોષ** - દરેક વ્યક્તિના ચિત્તમાં સ્મૃતિઓનો, અનુભવોનો, જ્ઞાનનો વિપુલ ભંડાર ભરેલો છે. આપણું ચિત્ત એક કોમ્પ્યુટર જેવું છે. સ્વાધ્યાય, સત્સંગ, ધ્યાન અને ભક્તિ દ્વારા આપણા આ જ્ઞાનના ભંડારને ખોલી શકાય છે. પરમની સૃષ્ટિના વિવિધ રહસ્યોને જાણી અને માણી શકાય છે. જન હીતાર્થ તેનો વિનીયોગ કરી શકાય છે. વિજ્ઞાનમય કોષને વિકસિત કરવા માટે સાત્ત્વિક જીવનશૈલી, નૈતિક મૂલ્યોનું પ્રતિપાદન, નૈતિક આચરણ અને પરમનું સતત સાનિધ્ય અતિ આવશ્યક છે.

**૫. આનંદમય કોષ** - આત્મા સાથે, શિવતત્ત્વ સાથે, જોડાયેલી આપણી આનંદમય, સુખમય સંપતિને જાણવા, માણવા અને અનુભવવા માટે આપણે પરમની સૃષ્ટિના પ્રત્યેક જડ ચેતન સર્જનને પ્રેમ કરવો પડે. સાત્ત્વિક ગુણોને આત્મસાત કરવાથી, હકારાત્મક વલણ અપનાવવાની આદત પાડવાથી મનમાં ક્યારેય વિષાદ પ્રવેશી શકશે નહિ. આપણા વાણી, વર્તન અને વ્યવહારના સાત્ત્વિક આચરણથી જ આપણા આનંદમય કોષનો વિકાસ કરી શકાય.

આપણી અંદર રહેલા શિવત્ત્વને લોકાભિમુખ કરવા માટે આપણે પરમાત્માના સત્યમ્, શિવમ્, સુંદરમ્ સ્વરૂપને આપણામાં આત્મસાત્ કર્યા પછી જ પરમાત્માના આ દિવ્ય સ્વરૂપનું દર્શન, આપણી નિઃસ્વાર્થ સેવા અને સમર્પણ ભાવથી જ લોકોને કરાવી શકાય.

વ્હાલા ભાવિકો, જો આપનું જીગર ખમીરવંતુ હોય તો ઉંમરની પરવા કર્યા વગર મનથી આપની જાતને સદાય વસંતમાં જ વહેવા દેજો. જિદગીના ભાવિને ભલાઈમાં પરિવર્તિત કરવા માટે વર્તમાનથીજ આજ થી જ પુરુષાર્થ કરજો, તમારામાં રહેલા શિવત્ત્વને લોકાભિમુખ કરવા માટે તમારે ઉદ્યમી બનવાનું છે. પુરુષાર્થી બનવાનું છે. બુધ્ધિનો વિકાસ કરવાનો છે. સાત્ત્વિક સંપતિ અને સંતતિનો વારસો પરમની સૃષ્ટિમાં સમર્પિત કરવાનો છે.

વ્હાલા ભાવિકો, જીવન નિર્વાહ અને જીવનના વિકાસ માટે ધનની, પૈસાની જરૂર તો છે જ. પરંતુ સાત્ત્વિક પુરુષાર્થથી સાત્ત્વિક વ્યવહારથી સંપાદન કરેલી ધનસંપતિ, શુભલક્ષ્મી આપણા જીવનમાં આપણા ઘરમાં નિવાસ કરે થે. આપણી શુભલક્ષ્મી જ સ્વ અને સમષ્ટિના શ્રેય માટે વપરાય તો જ જીવનમાં અને સમાજમાં સુખશાંતિ અને સંતોષનો અનુભવ કરી શકાય.

આપનામાં શિવતત્ત્વ જાગૃત થાય અને આપ સર્વે સત્યમ્, શિવમ્, સુંદરમ્ સ્વરૂપનો અનુભવ આપનામાં જ કરી શકો તેવા આશીર્વાદ.

**ૐમાૐ**

**વસંતોથી ભરેલી કરૂંવાતો,**
**મદોન્મત પુષ્પો ચમન ઢાલવે છે.**

**ન હતો બાગ, ન હતો માળી,**
**ન હતાં છોડ કે વૃક્ષો,**
**માત આવીયાં, રણમાં વસંતો આવી મળી.**

**અશ્રુઓ આકાશના ધરતીએ ઝીલી લીધા,**
**અશ્રુઓ સંગ્રહી સઘળા, ભેટ લીલી ચાદર તણી.**

**માતને કહું થોભો પળવાર**
**તમારી આકૃતિ ને સ્મૃતિમાં મઢી લંઉ.**

**રે માનવી,**
**પ્રભુને સર્વ સોંપીને, પ્રભુનું ધાર્યું થવા દે,**
**પ્રભુની આવદન બંસી, પ્રભુને તું બજાવા દે.**

# (૭) મૃત્યુ - પ્રશ્નોત્તરી

**સવાલ : મૃત્યુ એટલે શું ? શરીરનો અંત કે આત્માનો નાશ ?**

જવાબ : વર્તમાન જીવનનો વિલય. શરીરમાંથી પ્રાણતત્ત્વ, ચેતનતત્ત્વ નીકળી જાય અને શરીર અચેતન નિષ્પ્રાણ બની જાય એટલે શરીરનું મૃત્યુ થયું કહેવાય.

આત્મા તો અજર, અમર, શાશ્વત છે.

**સવાલ : મૃત્યુ એટલે દુ:ખ કે સુખ ?**

જવાબ : સુખ અને દુ:ખ તો મનની પરિભાષા છે. મૃત્યુ શરીર અને ઇન્દ્રિયોને અચેતન બનાવી દે છે. એટલે મૃત વ્યક્તિને સુખ દુ:ખની લાગણી થાય નહિં. નિંદ્રામાં શરીર સુખ કે દુ:ખ અનુભવી શકતું નથી. મૃત્યુ જીવનની ગાઢ નિંદ્રા જ છે.

**સવાલ : જો જન્મ અને મૃત્યુ ભ્રામક હોય તો સત્ય શું ?**

જવાબ : શરીરરૂપી મંદીરમાં વિલસી રહેલ ચૈતન્યતત્ત્વ, આત્મતત્ત્વ જ સત્ય છે.

**સવાલ : દેહ છોડ્યા પછી જીવાત્માની શી ગતિ થાય છે ?**

જવાબ : જીવતત્ત્વ, જીવાત્મા તેના સૂક્ષ્મ અને કારણ શરીરના સ્વભાવ અને સંસ્કાર લઇ તેના જન્મ જન્માંતરના પ્રારબ્ધ કર્મ અનુસાર અનુકૂળ પરિવારમાં જન્મ ધારણ કરે છે, તેમજ જીવાત્માના સત્ અસત્ કર્મ અનુસાર જીવન વ્યતિત કરે છે.

**સવાલ : પુનર્જન્મની વાત સાચી છે ?**

જવાબ : સાચી છે. જન્મ જન્માંતરના કર્મબંધનથી જીવાત્માનું પ્રારબ્ધ નિર્માણ થાય છે. પ્રારબ્ધના પરિપાક રૂપે જ પુનર્જન્મ શક્ય છે.

**સવાલ : પુનર્જન્મની વાત સાચી હોય તો ગતાત્માને તેના પુનર્જન્મની યાદગીરી રહે છે ?**

જવાબ : પરમાત્માના સૃષ્ટિ નિયંત્રણમાં પુનર્જન્મ ધારણ કરેલ જીવાત્માને સામાન્ય રીતે ગત જન્મની યાદગીરી રહેતી નથી.

**સવાલ : મૃત્યુના કોઇ ફાયદા ખરા ?**

જવાબ : વર્તમાન જીવનને ક્ષણિક વિશ્રાંતિ મળે. જેવી રીતે ગાઢ નિંદ્રાથી તન અને મનને વિશ્રાંતિ મળે છે.

**સવાલ : સ્વર્ગ અને નર્કની વાત આપણે સાંભળીએ છીએ તે સાચું છે ?**

જવાબ : જીવન દરમિયાન જ વ્યક્તિ પોતાના સ્વભાવ, સંસ્કાર અને પ્રારબ્ધ અનુસાર સુખ દુ:ખ, આનંદ, વિષાદ, શાંતિ અશાંતિના વમળોમાં ફંગોળાતો રહે છે. સ્વર્ગનું સુખ અને નર્કની યાતના વ્યક્તિના પ્રારબ્ધ કર્મ અનુસાર નિર્માણ થતું રહે છે. વળી મૃત્યુ પછીના પુનર્જીવનમાં સ્વર્ગ અને નર્કની પરિસ્થિત તેના તન, મન, ધન, પરિવાર દ્વારા ભોગવે છે.

**સવાલ : મૃત્યુ બાદ ઉત્તર ક્રિયાની જરૂરીયાત ખરી? જો હા તો કેમ? જો ના તો કેમ ?**

જવાબ : મારા મંતવ્ય અનુસાર મૃત્યુ એ તો જીવનનો અસ્ત છે. સૂર્યાસ્ત પછી બાર જ કલાકમાં સૂર્યોદય થાય છે, તેવી જ રીતે જીવનના અસ્ત એટલે કે દેહ વિલય પછી બાર જ કલાકમાં જીવાત્મા તેના પ્રારબ્ધ કર્મ અનુસાર જન્મ ધારણ કરે છે. દેહનો સંબંધ પૂરો થયા પછી મૃતાત્માને ઉત્તર ક્રિયાથી ફાયદો થાય નહિં. પરિવારના સ્વજન પ્રત્યેના સ્નેહ અને સંતોષ ખાતર અને વિષાદને હળવો કરવા માટે ઉત્તર ક્રિયા કરાતી હશે. જીવનકાળ દરમિયાન જ સ્વ હસ્તે જે કંઇ કર્મ દાન પુણ્ય કર્યું હોય તે જ પ્રારબ્ધની પૂંજી - કમાણી મૃત્યુ પછી સાથે આવે.

**સવાલ : મૃત્યુ બાદની સાંસારિક કે લૌકિક કાર્યવિધિઓ જેમકે સૂતક, સામૂહિક વિલાપ, મૂંડન વિષે આપનો શું અભિપ્રાય છે ?**

જવાબ : પરિવાર જનોના વિષાદને હળવો કરવાની આ બધી પ્રક્રિયા હશે. આનું કોઇ ધાર્મિક કે આધ્યાત્મિક મહત્ત્વ હોઇ શકે નહિં.

**સવાલ : આધુનિક વિજ્ઞાન અને ઉચ્ચ આધ્યાત્મિક વચ્ચે મૃત્યુ વિષેનું માનસિક સમાધાન શું હોઇ શકે ?**

જવાબ : આધુનિક વિજ્ઞાનના મતે હૃદયનું ધબકવું બંધ થતાં રુધિરાભિસરણ દ્વારા મળતો પ્રાણવાયુ શરીરના કોષોને મળતો બંધ થઇ જાય છે જેથી કોષો મરી જાય છે. આમ પ્રાણવાયુ વિહિન શરીર મૃત્યુ પામે છે.

ઉચ્ચ આધ્યાત્મિકતા અનુસાર પંચમહાભૂતથી (અગ્નિ, જળ, તેજ, વાયુ, આકાશ) બનેલું શરીર તેનું નિર્મિત થયેલ આયુષ્ય પૂર્ણ થતાં મૃત્યુ પામે છે. અને દેહ પંચતત્ત્વોમાં ભળી જાય છે પરંતુ જીવાત્માનું સૂક્ષ્મ અને કારણ શરીર પ્રારબ્ધ કર્માનુસાર નવું શરીર ધારણ કરવાની પ્રક્રિયા શરૂ કરી પુનર્જન્મ પ્રાપ્ત કરે છે.

**સવાલ : મૃત્યુ બાદ મૃતાત્માના આત્માનું અસ્તિત્ત્વ રહે છે ?**

જવાબ : આત્મા તો અમર છે, શાશ્વત છે. તેનું અસ્તિત્ત્વ તો અવિરત પણે વિલસી રહે છે.

**સવાલ : આધ્યાત્મિકતા અને પૂર્વજોની પૂજા શું સુસંગત છે ?**

જવાબ : વારસાગત સંસ્કારો અને પૂર્વજો પ્રત્યે અહોભાવ. માન, પ્રેમ, આદર, લાગણી હોય તો જ પરિવારના સભ્યો વડીલોને, પૂર્વજોને યાદ કરી તેમનું પૂજન કરે. આશીર્વાદ મેળવે. આધ્યાત્મિકતાનું આચરણ કરી શકાય. આત્માની સાથેનું સતત સાનિધ્ય, સત્સંગ, અને સ્વાધ્યાય દ્વારા જ આધ્યાત્મિકતા વિકસાવી શકાય.

**સવાલ : મોક્ષ પ્રાપ્તિ એટલે શું ? ખબર કેવી રીતે પડે કે મોક્ષ થયો છે ?**

જવાબ : જન્મ મરણના પરિભ્રમણમાંથી છૂટી શકાય ત્યારે જ મોક્ષ પ્રાપ્તિ થાય, જીવનકાળ દરમિયાન સંસારની, માયાની, જગતની કોઇપણ વસ્તુમાં કે બાબતોમાં આસક્તિ કે એષણા ન રહે. સંસારનો વ્યવહાર ફરજ, ધર્મ સમજી અનાસક્ત ભાવે પ્રભુપ્રિત્યર્થે જ, મનથી વૈરાગ્યભાવ રાખીને કરવામાં આવે ત્યારે કર્મબંધનમાંથી છૂટી શકાય. સત્ અસત્ કર્મો બંધનકર્તા ન બને ત્યારે જ મોક્ષ માર્ગના અધિકારી બની શકાય. આપનો અનાસક્ત વ્યવહાર જ આપને સમજાવી શકશે. અનાસક્ત ભાવે કર્મ કરવાની આદત પાડો.

**સવાલ : મૃત્યુનો ભય દૂર કરવાના શું ઉપાયો આપ સૂચવો છો ?**

જવાબ : જન્મ મૃત્યુ વિષેની સાચી સમજ કેળવવી જોઇએ. દિવસ પછી રાત્રિ છે તેમ જન્મ પછી મૃત્યુ અનિવાર્ય છે. મૃત્યુ એ તો જીવનનો વિસામો છે. મૃત્યુનો ભય દૂર કરવા માટે સાત્ત્વિક જીવન શૈલી અપનાઓ, મન, વચન, કર્મની પવિત્રતા અને એકરૂપતા કેળવવાથી મૃત્યુનો કે કોઇનો પણ ભય રહેશે નહિં.

**સવાલ : મૃત્યુનો સાચો અર્થ સમજાવો. યુવા પેઢીને આપનો સંદેશો શું છે ?**

જવાબ : વ્હાલા યુવાન ભાઇ બ્હેનો, મારા મંતવ્ય મુજબ મૃત્યુ એ તો જીવનનો વિસામો છે. જીવનની રાત્રિ છે, ગાઢ નિંદ્રા છે સાત્ત્વિક જીવન જીવો, નિર્ભય બનીને જીવનની પ્રત્યેક ક્ષણને રચનાત્મક, સર્જનાત્મક, વિકાસશીલ બનાવીને પ્રસન્નતાથી પસાર કરો. જીવનને સાત્વિક કાર્યોમાં જ પ્રવૃત્ત થવા દો. વર્તમાનને માણો, ભૂતકાળને વાગોળીને કે ભવિષ્યની ચિંતા કરીને વર્તમાનને વેડફી ન નાખો. જીવનની વીતી ગયેલી આપણી અવસ્થાઓ એ આપણું મૃત્યુ જ છે, બાળપણ, કિશોરાવસ્થા, યુવાવસ્થા, સુખ દુ:ખની વીતી ગયેલી ક્ષણો જીવનમાં ફરીથી માણી શકાતી નથી. માટે વર્તમાનમાં જીવો. જીવનને ચંદન જેવું બનાવો તો જીવનનો અસ્ત થવા છતાં તેની સુવાસ સંસારમાં મહેંકતી રહેશે.

**સવાલ : સામાજીક રૂઢિઓ અને રીતરસમોને હકારાત્મક રીતે પહોંચી વળાય તેનો ઉપાય બતાવશે ?**

જવાબ : સામાજિક રૂઢિઓ અને રીતરસમોમાં સાચી સમજ અને યથાર્થતા સમજી, તટસ્થ ભાવે તેનું મૂલ્યાંકન કરી જરૂર પડ્યે તેમાં સુધારા વધારા કરવાની કે આમૂલ પરિવર્તન લાવવાની નૈતિક હિંમત કેળવવી પડે. સમાજને સાચી સૂઝ, સમજ આપવા તૈયાર થવું પડે. આપણો તટસ્થ અભિગમ લોકો જરૂર અપનાવશે, વધાવશે. ધીરજ, હિંમત, વિનમ્રતા, અને વિવેક દાખવવાથી પરિણામ શુભ જ આવશે.

# (૮) શ્રી રાજયોગી - એક દર્શન

ભારે કર્મઠ નિષ્ઠાવાન, શક્તિશાળી, શાંત અને જગતને કંઇક પ્રદાન કરી જવા આવેલી કોઇ હસ્તી છે તેવું શ્રી રાજયોગીનું દર્શન આપણને થાય છે. આમ છતાં, હજુ થોડાક ઉંડાણમાં તેમની બાબતે ઉતરતાં જણાય છે કે એ બધુય પણ 'એક્સ્ટ્રોવર્ઝન' એટલે કે તેમની બહીર્મુખતા છે. ક્રમશઃ આ બહીર્મુખતા વિલીન થતાં વાસ્તવિક દર્શનની ઝાંખી થવા લાગે છે કે તેઓશ્રી અંતરના કોઇ ઉંડા રસમાં ડૂબી ગયેલા છે. ચાડી ખાતી બાહ્ય ઘટના ફક્ત એકજ તરતી દેખાય છે કે તેઓશ્રીના હોઠ ઉપર અહર્નિષ હાસ્ય રમ્યા કરે છે. બાહ્ય પરિસ્થિતિ ભલે ગમે તેવી નિર્માણ થયેલી હોય પરંતુ અંતરને અજવાળે આગળ ચાલ્યા કરતા તેઓશ્રી આપણને દષ્ટિગોચર થયા કરે છે.

આ બધી વાતોમાં કેન્દ્ર સ્થાને શી હકીકત હોઇ શકે ? પાયામાં પૂરાણ કેવું અને ક્યાં છે ? એવા ક્યા ઘડતરે આ જવાબદારી ઉઠાવી લીધી છે ? હૃદયમાં ક્યો પ્રાણવાયુ ધબકી રહ્યો છે ? એવો ક્યો તંતુ છે જે દુર્લભ છે. આનો ઉકેલ મેળવવા છેવટે સખા કૃષ્ણ તરફ મુખ ફેરવવાથી કંઇક પામી શકાશે.

આંખ અને મનથી સતર્ક થવુ પડશે, તેમની સાથે ગાવુ પડશે, નાચવુ પડશે, ઉત્સવમાં સામેલ થવુ પડશે, સંસારની લજ્જાને અને સદા સાથે રહેનાર અહંકારને "હું" ને કોરે મૂકવા પડશે, સુંદર વસ્ત્રોમાં વિભુષિત સંસારી કે સન્યાસી તરીકે તેમને જોઇ નહિ શકાય - સંપૂર્ણ નહિ.

અલગતાવાદ સાચુ દર્શન નહિ કરાવી શકે, શ્રી રાજને સમગ્ર રીતે નિહાળવા પડશે. ભાગલાવાદી માપકરણ કામ નહિ લાગે, તેમની પળેપળની જાગરુકતામાં એકાકાર થવુ પડશે. વ્યક્તિત્વના ભાગલા નહિ પડી શકે.

કૃષ્ણ અને રાજયોગી બન્ને ઉત્સવવાદી છે. જીવનનો લીલા તરીકે, ઉત્સવ તરીકે બન્નેનો સ્વીકાર છે. છતાંય, બન્નેના જીવનમાં ભોગવાદની તલમાત્ર ગંધ નથી. બન્નેનાં જીવન સ્વયં વિરોધાભાસી છે. બન્ને તલમાત્ર કર્તવ્ય-વિમુખી નથી. કર્તવ્ય-કર્મતો તેમના જીવનમાં અગ્રસ્થાને છે. જીવનમાં કેવળ કામ કર્યે જવુ. કર્તવ્ય પાલન કરે જવુ તેવી સુકી-રસહીન ફિલ્સુફી તેમના જીવનમાં નથી. તેઓશ્રી સંપૂર્ણપણે માતાજીને ચરણે અને શરણે છે પરંતુ વેદવેદાન્ત કે યોગના ભારણ તળે નહિ, શાસ્ત્રોના વજનના ભાર તળે દબાયેલા નથી રહેતા, કહે છે, "શબ્દ મારા, શાસ્ત્ર મારૂં, ભાષા મારી, અને દર્શન પણ મારૂં." સાધ્યને પામવા માટે સાધકે-ભક્તે સાધન પણ પોતિકાં-આગવાં લગાવવાં પડશે.

ધર્મની-ભક્તિની આકૃતિ જે અત્યાર સુધી આપણે દોરી છે તેને આંખ આગળથી ભુસી નાખવી પડશે. કંઇક નૂતનનો સ્વીકાર કરવો પડશે. રાજતો ક્રાંતિવીર છે. જ્યાં પણ તે કંઇક પણ કાટ દેખે છે તેને તે ઘસી કાઢે છે. શ્રી રાજ ભક્તિની પોતાની આગવી આકૃતિ દોરે

છે અને તેમાં રંગોળી પુરે છે. આ રંગોળીમાં હાસ્ય છે, હળવાશ છે, અને ભરપૂર હેત પણ છે. ઉદાસીનતા, હતાશા કે થકાવટને કોઇ સ્થાન નથી. ભક્તિ ઉત્સવ છે, ભગવાન આનંદ છે.

જગતમાંથી માણસની બાદબાકી કરીએ તો સર્વત્ર ઉત્સવ જ ઉત્સવ, પ્રવર્તે છે. ઇશ્વર રચિત સર્વ ઉત્સવ છે. માણસે આવીને તેમાં ધ્યેય વિહીન કર્મનું-કામગીરીનું ઉમેરણ કર્યું છે. એવુ નથી કે ફુલને કે વૃક્ષને આગળ વધવા માટે કંઇ નથી કરવું પડતું, ઘણી બધી પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. મનુષ્ય આમ થવામાં **'ડૂઇંગ'** ને મહત્વ આપે છે. **'બીઇંગ'** બેકગ્રાઉન્ડમાં રહી જાય છે. મહત્વપૂર્ણ **'બીઇંગ'** છે. શ્રી રાજયોગી આ વાતને બહુ સ્પષ્ટ પણે સમજે છે અને સમજાવે છે. જગતને **'બીઇંગ'** તરફ દોરી જાય છે. અને ધીરે રહીને 'I' ને હટાવી લે છે.

શ્રી રાજયોગી આપણો હાથ પકડીને પુછે છે? ક્યાં જવું છે? કેવી રીતે જશો? સાચુ ઠેકાણું જાણો છો? ચાલો તમારો હાથ પકડું. "ચિંતા ના કરશો, બધુ થઈ જશે." તેઓશ્રી ખુબજ સ્પષ્ટ છે કે જીવનનો કેવળ કામ તરીકે, કર્તવ્ય તરીકેનો સ્વીકાર છોડો નહિતો જીવન બોજો બની જશે અને ભાર ઉપાડતાં ઉપાડતાં જ જીવન સમાપ્ત થઈ જશે. અને આમ, આપણા જન્મો વીતી ગયા છે.

જીવનતો આનંદનો ઉત્સવ છે. શ્રી રાજ તો ક્ષણેક્ષણ જીવે છે. તેમને તેથીતો જીવવાનું પ્રતિક કહેવાય છે. રાજ ઈચ્છે છે કે સારુ ય જગત ગીતથી ભરાઈ જાય, નૃત્યથી ભરાઈ જાય, સંગીતથી ભરાઈ જાય, અરે ઉત્સ્વથી ભરાઈ જાય.

## "રાજયોગીજી ; એક દર્શન" - વિશ્લેષણ

લેખક : શ્રી સતીશ ભટ્ટ  વ્યાખ્યા : તપસ્વી નાન્દી

આદરણીય સતીશભાઈનાં લખાણ પૂજ્યશ્રી રાજયોગીજીની સાચી ઓળખ કેળવવામાં સહાયભૂત બને છે, એનું મુખ્ય કારણ તો એ છે કે, શ્રીસતીશભાઈ પૂજ્યશ્રીના રંગે રંગાયેલા છે. **"તું રંગાઈ જાને રંગમાં"** એ ગીતનું સ્વારસ્ય જાણે આ અધિકારી ભક્તવિશેષની બાબતમાં ચરિતાર્થ થયેલું છે. પ્રસ્તુત લેખ પૂજ્યશ્રીની ઓળખ, સાચી ઓળખ કેળવવા અને અન્ય ભક્તોને કેળવાવવાની દિશામાં એક મહત્ત્વનું પ્રસ્થાન છે. એક વાત તો નક્કી કે, કોઇ પણ ભક્ત જ્યારે આમ શ્રી સતીશભાઇની માફક પૂજ્યશ્રીના ચિંતનમાં ડૂબી જશે ત્યારે જ પૂજ્યશ્રીના અમિત પ્રભાવ અને નિઃસીમ શક્તિની આછી ઝલક પામી શકશે. આ માટે પરિશુધ્ધ સમર્પણ - Total Surrender - જરૂરી છે. ઉપનિષત્‌માં જણાવ્યું છે કે, **"यमैवेषो वृणुते तेन एव स लभ्यः"** અર્થાત્ પરમાત્મા પોતે જેને પસંદ કરે છે તેને જ પરમાત્મા પોતાના સ્વરૂપની ઝાંખી કરાવે છે પોતાની પ્રવૃત્તિની સમજ આપે છે. શ્રી સતીશભાઇને પૂજ્યશ્રી વિષે જે દર્શન થયાં તે પૂજ્યશ્રીની જ પ્રેરણાથી થયાં છે. અર્જુન ૧૮ માં અધ્યાયમાં ભગવાન્ કૃષ્ણને જણાવે છે કે, **"नष्टो मोहः, स्मृतिर्लब्धा, त्वत्प्रसादान्मया एच्युत !"** હે અચ્યુત ! તમારી કૃપાથી મારો મોહ નાશ પામ્યો છે, મને

સ્મૃતિ પ્રાપ્ત થઇ છે. રાજયોગીજીની કૃપાથી જ એમનાં વ્યક્તિત્વ, વચન અને કાર્યયજ્ઞની ભક્તને સમજ કેળવાય, તે સિવાય નહિં. આ માટે જરૂરી છે 'પૂર્ણ સમર્પણ.' સ-બાહ્યાન્તઃકરણ જ્યારે ભક્ત પૂજ્યશ્રીની ભક્તિમાં ડૂબી જાય ત્યારે જ પૂજ્યશ્રીના વ્યક્તિત્વનો, તેમના અવતરણનો સાચો અર્થ અને મહિમા ખુલે. ભગવદ્‌ગીતામાં ભગવાન્‌ના વિરાટ સ્વરૂપની ઝાંખી પામવા અર્જુનનાં ચર્મ ચક્ષુઓ અશક્ત હતાં. તેથી ભગવાને તેને કહ્યું, "**दिव्यं ददामि ते चक्षुः**" હું તને દિવ્ય-ચક્ષુ, અર્થાત્ દિવ્ય-દષ્ટિ આપું છું જેથી તું મારા અંતસ્તત્ત્વનું, મારી વિરાટતાનું, મારી નિઃસીમ શક્તિનું દર્શન પામી શકીશ. પૂજ્યશ્રીએ શ્રી સતીશભાઇને આવી દૃષ્ટિ, આવી Vision આપી છે, જેથી તેઓશ્રી પૂજ્યશ્રીના મહિમાને ઓળખવાનો પ્રયત્ન કરી શક્યા છે. તેમણે જે નોંધ કરી છે તે સાચી જ છે કે, પૂજ્યશ્રી આપણને જે સ્થૂળ દૃષ્ટિએ દેખાય છે તે જ સ્વરૂપ માત્ર નથી. વાસ્તવમાં પૂજ્યશ્રી મનુષ્ય બુધ્ધિથી પર તેવું તત્ત્વ છે. '**यो बुद्धेः परतः तु सः**' જે બુધ્ધિથી પર છે, તે પરમાત્મા છે. આપણે જેવા જોઇએ, જેવા સાંભળીએ, હળવી સ્થૂળ પળોમાં, તેવા તેમને માની લેવા તે તો વિરોચને જેમે કુવામાં પડતા દેહના પ્રતિબિંબને 'આત્મા' માની લીધું તેના જેવી ભ્રમણા છે. વાસ્તવમાં '**जन्म कर्म च मे दिव्यम्**' "મારો જન્મ અને મારું કર્મ દિવ્ય છે" એવું ભગવાન્ કૃષ્ણ જણાવે છે તે પૂજ્યશ્રીની બાબતમાં પણ ઘટે છે.

ભગવાન્ કૃષ્ણની માફક પૂજ્યશ્રીને ઓળખવા અને પામવા '**अहं**' નો ત્યાગ કરવો પડશે. સુંદરવસ્ત્રોમાં સજ્જ અને અલંકારોથી વિભૂષિત એવા સંસારી કે નિર્લેપ યોગી તરીકે પણ પૂજ્યશ્રીને ઓળખવાથી તેમની સાચી ઓળખ નહિ કેળવાય. આ બધા દૃષ્ટિકોણ આંશિક, 'ભાગલાવાદી' છે. પૂજ્યશ્રીને સમજવા, ઓળખવા એક Total insight એક પૂર્ણ આંતર્‌દર્શન જરૂરી છે. જેમ ભગવાન્ કૃષ્ણ રાસેશ્વર સ્વરૂપે ગોપજનોને, ભક્તોને આનન્દ કરાવે છે તેમ પૂજ્યશ્રી પણ ઉત્સવપ્રિય એવા ભક્તોને આનન્દ કરાવે છે પણ તે આનન્દ પરમ-આનન્દ તરફ લઇ જવા માટે છે. તેમની કાર્યપધ્ધતિ સૂકી ફિલસુફી માત્ર નથી પણ 'લીલાનિમગ્ન', પ્રેમમયી, ભક્તિમયી, આનન્દદાત્રી છે. સત્, ચિત્ અને આનન્દ એ પરમતત્ત્વનાં લક્ષણો છે તો અહીં પૂજ્યશ્રી આનન્દ સ્વરૂપે ભક્તોની નજીક રહેલા છે એમ જાણવું. કોરું તત્ત્વચિંતન યોગી મહાત્મા અને અધિકારીઓ માટે હોય. પણ આપણા જેવા સામાન્ય ભક્તોને માટે તો ભક્તિની એક નવી આકૃતિ પૂજ્યશ્રીએ ખોલી આપી છે. પૂજ્યશ્રી આપણામાં હાસ્ય, હળવાશ, હેત અને હિંમત પ્રેરે છે. રાજયોગીનો રાજમાર્ગ ભક્તિના ઉત્સવ સમો છે જેમાં પૂજ્યશ્રી આનન્દ સ્વરૂપે પ્રત્યક્ષ થાય છે. આપણે કેવળ બાહ્યોપચાર -doing- સ્થૂળ કર્મને ગૌણ ગણી પૂજ્યશ્રીએ સૂચવેલા અંતસ્તત્ત્વ -being- તરફ પ્રયાણ કરવાનું છે. હા, તે માટે પૂજ્યશ્રી આપણો હાથ પકડશે. પૂજ્યશ્રી આપણને "પોતાનો જાણીને હરિ સંભાળજો રે..." એ ભજનની માફક સંભાળીને ગતિ કરાવશે. જરૂર છે ચિત્તશુધ્ધિ અને સંપૂર્ણ સમર્પણની.

**।। ૐ મા ૐ ।।**

## (૯) વિચાર વૃક્ષ - જ્ઞાનબીજ

ક્યાં સુધી બીજા ઉપર નજર નાંખ્યા કરશો ? બીજાની ઇર્ષ્યા કરવાથી આગળ વધી શકાશે નહિં. ઇર્ષ્યાનું ઝેર બીજાને અસર કરે છે તેની પ્રગતિ રૂંધાઇ જાય તેથી આપણને શો લાભ ?

બીજાનો પગ ખેંચી આપણે આગળ ઉભા રહીએ તે વિકાસ નથી, પ્રગતિ નથી. જો આવી જ ટેવ રાખીશું તો 'સ્વ' પ્રયત્ને આગળ વધવાની ભાવના કદી પ્રગટશે જ નહિં. જાતે પાછળ રહેવું એ સારૂં નથી, પરંતુ આગળ જનારાની ઇર્ષ્યા કરી તેને આપણી પાછળ રાખવાનો પ્રયાસ કરવો તે તો શરમજનક છે.

આગળ ધપનાર વિરોધી હોય તો યે આપણે માટે તો તે માર્ગદર્શક જ છે એમ માનવું જોઇએ અને અનૂકુળ દિશામાં વેગભર કદમ ઉઠાવવાં જોઇએ. કોઇ પણ સંયોગોમાં આપણે આગળ ન નીકળી શકીએ તોયે ચિંતા શી? વિચારવું એટલું જ કે, અમુક વ્યક્તિથી નહિં પરંતુ આપણે પ્રથમ જ્યાં હતાં ત્યાંથી તો આગળ છીએ કે નહિં? પ્રગતિનો આ પ્રથમ નિયમ છે.

**ૐ મા ૐ**

**(તા. ૧૦ મી જૂલાઇ ૯૯ ના રોજ શ્રધ્ધા કુટિરમાં આયોજિત જ્ઞાનબીજના સંકલિત અંશો)**

**(૧) હેમંતભાઇ :-** શિથિલ અને સ્થિર માનવી કોહવાઇ જાય છે. જેમ પાણી વહેતાં હોય તે ભલાં, સાધુ-સંત ચલતા ભલા, તેમ મનુષ્યના જીવનમાં પણ વિકાસ અથવા ગતિશીલતાને આવકારવાનું જરૂરી છે. દરેક વ્યક્તિએ જીવનમાં લક્ષ્યાંક, એક તમન્ના, એક સ્વપ્ન, એક નિશાન રાખવું જ જોઇએ અને એને મેળવવા માટે સજાગ, ધૈર્ય સાથેનો પરિશ્રમ કરવો જોઇએ. જીવનની દરેક શક્તિઓને ગતિશીલ રાખવી જરૂરી છે અને ગતિશીલતા માટે પુરૂષાર્થ જરૂરી છે. જીવનમાં દરેકને મળતી આવી શક્તિઓના બેસ્ત્રોત હોય છે. એક પ્રારબ્ધ અને બીજો પુરૂષાર્થ. અર્થાત્ એક તકદીરથી અને બીજો સ્વપાર્જિત. જ્યારે સ્વપાર્જિત લક્ષ્યાંકો સિધ્ધ કરવાના હોય ત્યારે હરિફાઇ હોય, અને હરિફાઇમાં સ્વયં ઊંચા ઉઠવાની કોશિષ કરવી જોઇએ. ઇર્ષ્યા, વ્યક્તિને ભયભીત, વામણો અને સંકુચિત બનાવી દે છે. માટે જ પૂજ્યશ્રી કહે છે કે, સ્વયમ્‌માં શ્રધ્ધા, સ્વયમ્‌માં વિશ્વાસ, અને સ્વયમ્‌ને શક્તિશાળી બનાવો અને તેના માટે સત્યનો, વિવેકનો, વિનયનો અને સત્સંગનો સથવારો લ્યો.

**આંખમાં અમી તો દુનિયા ગમી,**
**મુખમાં અમી તો દુનિયા નમી...**

**(૨) પ્રતિક્ષાબ્હેન :-** આજના વ્યવહાર જગતમાં જ્યાં ને ત્યાં ટાંટીયા ખેંચ પ્રવૃત્તિ જોવામાં આવે છે. બીજાના દિલ દુભાવી આપણે આપણો ફાયદો કરીએ તો એ સાચો વિકાસ નથી.

આપણે જાતે જ આગળ ધપવાનું છે. આપણા વ્યક્તિત્વની લીટીને આપણી જાતે લાંબી કરવાની છે. સામાન્ય રીતે ઇર્ષ્યામાંથી જ નિંદાનો જન્મ થાય છે, માટે સૌ પ્રથમ ઇર્ષ્યા મનમાંથી કાઢવી જોઇએ. આપણે કર્મના સિધ્ધાંતમાં માનીએ તો ઇર્ષ્યા થાય નહીં. આપણને પાત્રતા મુજબ જ બધું મળે. પાત્રતા કેળવવા આત્મનિરીક્ષણ, આત્મખોજ, પૂજ્ય ગુરૂદેવને ચરણે બેસીને કરવી પડે. દરેક વ્યક્તિને હકારાત્મક દૃષ્ટિકોણથી જોઇએ તો નિંદા કરવાનો પ્રશ્ન ન રહે. આપણી જીવન શૈલી, વિચાર શૈલી, વર્તન શૈલી, બદલવાની પાત્રતા કેળવીએ તો જ પરમના પ્રીતિપાત્ર બની શકીએ.

**(૩) જસવંતભાઇ :-** ઇશ્વરે દરેક વ્યક્તિને તેના કર્મો પ્રમાણે જૂદા જૂદા ક્ષેત્રોમાં સ્થાન આપ્યું છે, જેમ કે કોઇનામાં ઇશ્વરે બુધ્ધિ વધારે આપી હોય, કોઇકને જ્ઞાન વધારે આપ્યું હોય, કોઇકને યશ-કીર્તિ વધારે આપ્યાં હોય, કોઇકને લક્ષ્મી વધારે આપી હોય, કોઇને સત્‌કર્મો અને સેવાની શક્તિ વધારે આપી હોય, આમ, દરેક વ્યક્તિએ વિશષેતા જોવા મળે છે. ઇર્ષ્યા, એ વ્યક્તિનો ખુદનો દુશ્મન છે. ઇર્ષ્યા, એ આંખથી ઝરતું ઝેર છે. માટે આંખને પવિત્ર રાખવાનો પ્રયત્ન કરીએ અને માનવતાવ્રતનું આચરણ કરી, પૂ. ગુરૂદેવમાં શ્રધ્ધા-શરણાગતિ રાખી, દરેક પ્રકારનાં કર્મબંધનમાંથી મુક્ત થવા પ્રાર્થના કરીએ.

**(૪) સ્નેહાબ્હેન :-** અજ્ઞાન દોષથી અને વસ્તુને 'જેમ છે તેમ' નહીં માણવાથી, જીવમાત્ર પોતાના દોષ ન સમજતાં, સામાને જ દોષિત જૂએ છે અને પરિણામે નવું વેર બાંધતો રહે છે, અને નિંદા દ્વારા બીજાને હલકો પાડવા પ્રયત્ન કરતો રહે છે. આનાથી આપણામાં ગુણો ખીલતા નથી પણ અવગુણો ઉત્પન્ન થતા રહે છે. આપણી જાત મહેનતથી, નિઃસ્વાર્થ ભાવથી, પરમતત્વને ઓળખીને આગળ આવશું તો અનેરો આનંદ આવશે. અને તે અજોડ હશે.

**(૫) મનેષભાઇ :-** બીજાની ઇર્ષ્યા કરવી એટલે બીજાની પ્રગતિ, આંખમાં કણાની જેમ ખૂંચવી. આમ કરવાથી બધું જ ધ્યાન પોતાની પ્રગતિ સાધવાને બદલે તેને પાછળ પાડવામાં કેન્દ્રિત કરે છે. પોતાનું તન-મન-ધન વ્યર્થ, સામેનાને નુકસાન કરવામાં લગાડે છે. આવી કુટેવને કારણે વ્યક્તિ સ્વપ્રયત્ને પોતે જ કાંઇ કરી બતાવવા સમર્થ છે. તેને પણ અનૂસરતો નથી, અને આપોઆપ અધોગતિ નોંતરે છે. આપણે ઇર્ષ્યા કરવાને બદલે, સારૂં કરી બતાવવાની નેમ સાથે હિંમતભેર, સખત પુરૂષાર્થ આદરી, દીર્ઘદૃષ્ટિ કેળવી, ઇશ્વરને સાથે રાખી, ચોક્કસ દિશામાં પ્રયત્નો આદરવા જોઇએ, પુરૂષાર્થ કરીને, ફળ ઇશ્વરની મરજી પર છોડવું જોઇએ.

**(૬) પૂ. બ્હેનજી :-**

કંડારવા કેડી જીવન વિકાસ તણી
વિહરવા પ્રગતિ તણા પંથ ભણી

ધ્યેય નિષ્ઠ બનવું પડે
　　　આત્મવિશ્વાસ જાગૃત કરવો પડે
શક્તિ ને ક્ષમતા વધારવા પડે
સત્યનિષ્ઠા અને પ્રમાણિક પુરૂષાર્થ થકી
　　　ઉન્નત શિર સાથે ઉન્નતિ સાધી શકો.
આગે બઢતા, વિજયને વરતા
સાથીઓને બિરદાવતા રહો
આત્મીયતા કેળવતા રહો
અભિનંદન અર્પતા રહો
માર્ગદર્શન મેળવતા રહો
ઇર્ષ્યા, દ્વેષ, અહમ્‌ને અળગા જ રાખજો
પ્રેમને પરોપકારની પાવન સરિતા વહાવતા રહેજો.

**(૭) પ. પૂ. ગુરુદેવ :-** માણસે જીવનમાં ઉન્નતિ કરવી હોય, પ્રગતિ સાધવી હોય, તો પોતાની જાત પર વિશ્વાસ રાખી, પોતાની શક્તિ અને ક્ષમતા પહેચાની, પોતાનું ધ્યેય નક્કી કરી, તેને હાંસલ કરવાનો સ્વકીય પુરૂષાર્થ કરવો જોઇએ. ધ્યેય પ્રાપ્તિ માટે અનુગામીનું માર્ગદર્શન, વાંચન, ચિંતન જરૂર કરવું.

આપણા સાથી સહકાર્યકર્તાઓ કે સહાધ્યાયીઓની આવડત, હોંશિયારી અને સફળતાને બિરદાવવી જોઇએ. કોઇપણ સંજોગોમાં તેમના પ્રત્યે ઇર્ષ્યા, વેરભાવ કે તેના કાર્યમાં રૂકાવટ કરવાની, નુકસાન પહોંચાડવાની અને તેના ભોગે, આપણે આગળ વધવાની ચેષ્ટા ક્યારેય ન કરવી. અયોગ્ય, અસાત્વિક વલણ ક્યારે ય ન અપનાવવું અંતરાત્માને છેતરવાનો પ્રયત્ન ક્યારેય ન કરવો.

જીવનમાં પોતે જે આચર્યું છે એવા અભિગમને આપણા આત્મામાં બીજરૂપે વાવીને, આપણને સામાન્ય માનવી કરતાં ઉંચેરા ઊઠાવવાના પૂજ્યશ્રીના પ્રયત્નોને નતમસ્તકે પ્રણામ.

ૐ મા ૐ



**આપ ચાહે તો મૈં માનવ હૂં**
**આપ ચાહે તો મૈં માકા લાલ હૂં,**
**ઔર મૈં કહુંગા મૈં મોર હૂં**
**ઔર મા કહેગી મોર મેરા હૈ**



## (૧૦) Sri Chakshushopanishad ।। શ્રી ચાક્ષુષોપનિષદ્ ।।

*अथातश्चाक्षुषीं पठितां सिद्धविद्यां चक्षुरोगहरां व्याख्यास्यामः*
*यच्चक्षुरोगाः सर्वतो नश्यन्ति चाक्षुषी दिप्तिर्भविष्यति इति ।।१।।*

**અથાતશ્ચાક્ષુષીં પઠિંતા સિદ્ધવિધાં ચક્ષુરોગહરાં વ્યાખ્યાસ્યામઃ**
**યચ્ચક્ષુરોગાઃ સર્વતો નશ્યન્તિ ચાક્ષુષીદીપ્તિર્ભવિષ્યતિ ઈીતિ.**

**(ગુજ.અનુવાદ) - હવે પછી વંચાયેલી, ચક્ષુરોગ દૂર કરનારી, ચક્ષુ (આંખો) સંબંધી સિદ્ધવિધાની અમે વ્યાખ્યા કરીશું. જેથી, આંખના રોગો દરેક રીતે નાશ પામશે (અને) આંખનું તેજ (સંપન્ન) થશે.**

**(અંગ્રેજી અનુવાદ)** - Now onwards, we will discuss the vidya i.e. lore concerning the eyes .This vidya is read (by rishis of old). It is a successful or accomplished lore .Thorugh this (lore) eye-diseases will vanish totally and light of the eyes (=sight) will be secured. (1)

*तस्याश्चाक्षुषीविद्यायाः अहिर्बुध्न्यः ऋषिः गायत्री छन्दः,*
*सूर्यो देवता । चक्षुरोगनिवृत्तये जपे विनियोगः ।।२।।*

**તસ્યાશ્ચાક્ષુષીવિધાયાઃ અહિર્બુધ્ન્યઃ ઋષિઃ, ગાયત્રી છન્દઃ,**
**સૂર્યો દેવતા. ચક્ષુરોગનિવૃત્તયે જપે વિનિયોગઃ**

**તે ચાક્ષુષી વિધાના ઋષિ અહિર્બુધ્ન્ય છે; (તેનો) છંદ ગાયત્રી છે, (અને) સૂર્ય (તે વિધાના) દેવતા છે. ચક્ષુરોગના નિવારણ માટે તેનો જપ-વિધાનમાં વિનિયોગ (થાય) છે.**

That lore concerning the eyes has Ahirbudhnya as its Rishi. Gayatri is the metre (here). The Sun-god is the (presiding) deity. It (i.e. this lore) is utilized for the removal of eye-diseases. (2)

*ॐ चक्षुः, चक्षुः चक्षुस्तेजः स्थिरो भव। मां पाहि पाहि । त्वरितं चक्षुरोगान् शमय शमय । मम जातरूपं तेजो दर्शय दर्शय । यथा अहम् अन्धो न स्याम् तथा कल्पय कल्पय । कल्याणं करु कुरु। यानि मम पूर्वजन्मोपार्जितानि यक्षुष्प्रतिरोधक -दुष्कृतानि तानि सर्वाणि निर्मूलय निर्मूलय ।। ३ ।।*

**ૐ ચક્ષુઃ ચક્ષુઃ, ચક્ષુસ્તેજઃ સ્થિરો ભવ. માં પાહિ પાહિ. ત્વરિતં ચક્ષુરોગાન્ શમય શમય મમ જાતરૂપં તેજો દર્શય દર્શય. યથા અહં અન્ધો ન સ્યામ્, તથા કલ્પય કલ્પય. કલ્યાણં કુરુ કુરુ . યાનિ મમ પૂર્વજન્મોપાર્જિતાનિ ચક્ષુ-પ્રતિરોધક-દુષ્કૃતાનિ તાનિ સર્વાણિ નિર્મૂલય નિર્મૂલય.**

**ૐ ચક્ષુરૂપ હે સૂર્ય, ચક્ષુમાં ચક્ષુના તેજ રૂપે આપ (મારાં નયનોમાં) સ્થિર થાઓ. મારું રક્ષણ કરો. મારા નેત્ર-રોગોનું એકદમ જ (ત્વરાથી) શમન કરો ( દૂર કરો). મને (આપનું) સ્વર્ણમય તેજ બતાવો, (અર્થાત્, તેનું દર્શન કરાવો. જેથી કરીને હું અંધ ન થઉં તેવું (= તેવી**

**વ્યવસ્થા, કૃપા) આપ કરો, એવું (જ) કરો. (મારું) (સર્વરીતે) કલ્યાણ કરો. કલ્યાણ કરો. આંખના તેજની આડે આવનારાં મારાં જે કંઈ પૂર્વજન્મથી પ્રાપ્ત પાપ હોય, તે બધાંને દૂર કરો, સમૂળાં દૂર કરો.**

Aum! O lord Sun, the eye (of the universe), be seated permanently, as the light of my eye, in my eyes. Kindly give me protection, (O Sun - god) grant me protection. Remove immediately my eye-diseases. Kindly give me a glimpse of your golden lustre (or lustrous form). Kindly make such an arrangement, so that I do not turn blind. Please do the same. Kindly grant me good fortune, auspicious existence .Whatever be my sins, inherited from past birth coming in the way of (i.e. obstructing) my eye-sight, please remove them totally, please distroy them fully. (3)

*ॐ नमश्चक्षुस्तेजोदात्रे दिव्याय भास्कराय । ॐ नमः करुणाकराय अमृताय । ॐ नमः सूर्याय । ॐ नमो भगवते सूर्याय । ॐ अक्षितेजसे नमः । खेचराय नमः । महते नमः । रजसे नमः । तमसे नमः । (४)*

**ૐ નમશ્ચક્ષુતેજોદાત્રે દિવ્યાય ભાસ્કરાય. ૐ નમઃ કરુણાકરાય અમૃતાય. ૐ નમઃ સૂર્યાય. ૐ નમોભગવતેસૂર્યાય. ૐ અક્ષિતેજસે નમઃ. ખેચરાય નમઃ. મહતે નમઃ. રજસે નમઃ. તમસે નમઃ.**

**ૐ આંખનું તેજ આપનાર દિવ્ય ભાસ્કર (=સૂર્ય) દેવતાને નમસ્કાર. કરુણાના ભંડાર અમૃત (રૂપ) (સૂર્યદેવતા)ને નમસ્કાર હજો. ૐ સૂર્ય ભગવાનને નમસ્કાર હજો. ૐ આંખના તેજરૂપ (સૂર્ય)ને નમસ્કાર. આકાશગામી (સૂર્ય)ને નમસ્કાર. મહાન (એવા સૂર્ય) ને નમસ્કાર. રજોગુણ રૂપ (સૂર્ય)ને નમસ્કાર. (૪)**

Aum ! Salutations to the divine Bhaskara, who is the giver of the lustre of the eyes. Salutations to the store-house of compassion, to the immortal (sun-god) ! Aum ! Salutations to God sun, to (Him) who is the lustre of eyes. salutation to (sun-god) who travels by the sky, who is of the form of rajo-guna (i.e. the quality that guides activity), (and also) to (sun-god) who is of the form of tamo-guna (i.e. who guides inertia). (4)

*ॐ असतो मा सद् गमय । तमसो मा ज्योतिर्गमय । मृत्योर्मा अमृतं गमय । उष्णो भगवान् शुचिरूपः । हंसो भगवान् शुचिरप्रतिरपः ।।५।।*

**ૐ અસતો મા સદ્ ગમય. તમસો મા જ્યોતિર્ગમય. મૃત્યોર્મા અમૃતં ગમય. ઉષ્ણો ભગવાન શુચિરૂપઃ હંસો ભગવાન શુચિર્ અપ્રતિરૂપઃ**

**ૐ અસત્માંથી મને સત્માં લઈ જાઓ. અંધકારમાંથી મને તેજમાં લઈ જાઓ. મૃત્યુમાંથી મને અમૃતમાં લઈ જાઓ. ઉષ્ણ (રૂપે) રહેલા ભગવાન (સૂર્ય, અગ્નિરૂપ છે, અને) પવિત્રરૂપવાળા છે. (સૂર્યભગવાન) હંસરૂપ (છે.) પવિત્ર (તેજ) રૂપ છે, (પવિત્ર) (અગ્નિના) પ્રતિરૂપ (=વિરોધી)**

**નથી (અર્થાત્ પોતે અગ્નિરૂપ છે.)**

Aum. Lead me from untruth (or, non-existence) to truth (i.e. existence), from darkness to (Divine) light, from death to immortality, (Red) Hot (i.e. burning) is the form of the God and He is having a sacred form. He is of the form of (Divine) Swan, of the form of auspicious light, and is not an opposite (of Agni, the Fire-god) (but He is of the form of Sacred Fire) (5)

*य इमां चाक्षुष्मतीं विद्यां ब्राह्मणो नित्यमधीते न तस्य अक्षिरोगो भवति । न तस्य कुले अन्धो भवति । अष्टौ ब्राह्मणान् ग्राहयित्वा विद्यासिद्‌धिर्भवति ।।६।।*

**ય ઈમાં ચાક્ષુષ્મતીં વિદ્યાં બ્રાહ્મણો નિત્યમ્ અધીતે, ન તસ્ય અક્ષિરોગો ભવતિ. ન તસ્ય કુલે અન્ધો ભવતિ. અષ્ટૌ બ્રાહ્મણાન્ ગ્રાહયિત્વા વિદ્યાસિદ્‌ધિર્ભવતિ.**

**જે કોઈ બ્રાહ્મણ આ ચાક્ષુષ્મતી વિદ્યાનો નિત્ય-પાઠ કરે છે, તેને (ક્યારેય) ચક્ષુ-રોગ થતો નથી. તેના કુટુંબમાં કોઈ આંધળો થતો નથી. આઠ બ્રાહ્મણોને (જે કોઈ) (આ વિદ્યાનું) ગ્રહણ કરાવે તેને (આ) વિદ્યાની સિદ્ધિ (વરે) છે.**

Whichever Brahmin regularly reads this lore for eye-(sight), never contacts an eye-disease, Nobody is (born) blind (or, nobody turns blind) in his family, Whosoever imparts (this lore) to eight brahmins, acquires success (of this) lore (6)

*ॐ विश्वरूपं घृणिनं जातवेदसं हिरण्यं पुरूषं ज्योतिरूपं तपन्तम् । विश्वस्य योनिं प्रतपन्तमुग्रं, पुरः प्रजानामुदयत्येष सूर्यः । (७)*

**ૐ વિશ્વરૂપં ઘૃણિનં, જાતવેદસં, હિરણ્યં પુરૂષં જ્યોતિરુપં તપન્તમ્. વિશ્વસ્ય યોનિં પ્રતપન્તમુગ્રં, પુરઃ પ્રજાનામુદયત્યેષ સૂર્યઃ.**

**ૐ વિશ્વરૂપ, કૃપાળુ, અગ્નિસ્વરૂપ, હિરણ્યરૂપ પુરુષ (એવા) જ્યોતિસ્વરૂપ તપતા (સૂર્યદેવતા, જે) વિશ્વના કારણ (રૂપ છે), જ્વલંત અને ઉગ્ર છે અને પ્રજાની આગળ ઉદય પામે છે (એવા) આ સૂર્ય છે. (તેમને નમસ્કાર). (૭)**

Aum. Lord Sun is of the form of the universe (or, is having a universal form). He is blazing and is the (root) cause of the universe. He is brilliant and hot and is rising before creatures. (salutations to Him). (7)

*ॐ नमो भगवते आदित्याय, अहोवाहिने अहोवाहिने स्वाहा । (८)*

**ૐ નમો ભગવતે આદિત્યાય, અહોવાહિને અહોવાહિને સ્વાહા. (૮)**

Aum, Salutitaons to Lord Aditya, the Sun-God who creates the day, who is Dina-kara. Salutitaons to Him ! May our offerings (reach) Him. (8)

*ॐ वयः सुपर्णा उपसेदुरिन्द्रं, प्रियमेधा ऋषयो नाधमानाः । अप ध्वान्तमूर्णूहि पूर्द्धि*

*चक्षुर्मुमुग्ध्यस्मान् निधयेव बद्धान् । (९)*

**ॐ વયઃ સુપર્ણા ઉપસેદુરિન્દ્રં, પ્રિયમેધા ઋષયો નાધમાનાઃ. અપ ધ્વાન્તમૂર્ણૂહિ પૂર્દ્ધિ ચક્ષુર્ મુમુગ્ધ્યસ્માન્ નિધયેવ બદ્ધાન્.**

**જ્વલંત કિરણો ઈન્દ્ર (સ્વામી) એવા (સૂર્ય દેવતા વિષે), યજ્ઞ જેમને પ્રિય છે તેવા પ્રાર્થના કરતા ઋષિઓની માફક, પહોંચે છે. અંધકારને દૂર કરો. (અમારાં) નયનોને (પ્રકાશ, તેજ-થી) ભરી દો. પાશથી બંધાયેલા જેવા અમને મુક્ત કરો.**

Aum ! Lustrous rays have reached the Lord (in form of sun-god). They reach Him like sages who love sacrifice and who are offering prayers. Kindly remove (our) darkness. Fill (our) eyes with lustre. Liberate us, who are as if caught in a nooze. (9)

*पुण्डरीकाक्षाय नमः । पुष्करेक्षणाय नमः । अमलेक्षणाय नमः । कमलेक्षणाय नमः । विश्वरूपाय नमः । महाविष्णवे नमः । इति । (१०)*

**પુંડરીકાક્ષાય નમઃ. પુષ્કરેક્ષણાય નમઃ. અમલેક્ષણાય નમઃ. કમલેક્ષાય નમઃ. વિશ્વરૂપાય નમઃ. મહાવિષ્ણવે નમઃ ઈતિ. (૧૦)**

**કમળ સમાન નેત્રવાળા, પુષ્કર (કમળ) જેવા નયનોવાળા, નિર્મળ ચક્ષુવાળા ભગવાન કમલ-નયનને નમસ્કાર. વિશ્વરૂપ (સૂર્યદેવ)ને નમસ્કાર. મહાવિષ્ણુરૂપ (સૂર્યદેવ)ને નમસ્કાર.**

Salutations to the lotus-eyed divinity, to God whose eyes are spot-less and like a (full-blown) lotus, who is having a universal form or form of the universe, who is Lord Maha-Vishnu Himself ! Salutations to Him (10)

*इति चाक्षुषोपनिषद् !*

**ઈતિ ચાક્ષુષોપનિષદ્ (સમાપ્ત).**

( To remove eye-diseases one should read this chakshushopanishad. This is so ordained by men of knowledge).

**(અનુભવી વિદ્વાનોએ કહ્યું છે એ પ્રમાણે 'ચાક્ષુષોપનિષદ્' નો પાઠ કરવાથી ચક્ષુ-રોગ દૂર થાય છે.**

*ॐ विश्वानि देव सवितुर् दुरितानि परासुव ।*

*यद् भद्रं तन्न आसुव । ॐ शान्तिः शान्तिः शान्तिः ।*

**વિશ્વાનિ દેવ સવિતુર્ દુરિતાનિ પરાસુવ. યદ્ ભદ્રં તન્ન આસુવ. ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ.**

**હે સવિતાનારાયણ, અમારાં જે બધાં પાપ છે તે દૂર કરો. સકળ કલ્યાણ અમને પ્રાપ્ત થાઓ. ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ.**

Aum. All our sins, O Lord Savita, remove from us .Whatever is auspicious may befall us. Aum Shantih, Shantih, Shantih. (May peace come to us. Aum !)

## (૧૧) "ધ્રુજી ધરા 'વિદેશની'

હેમંત ઉપાધ્યાય તા. ૧૭-૨-૦૩

(પરમ પૂજ્ય ગુરૂદેવ દ્વારા, જાન્યુઆરી ૨૦૦૩માં ઈંગ્લેન્ડમાં ડડલી, લેસ્ટર, લંડન અને માન્ચેસ્ટર ખાતે ધરતી કંપ નિવારણની વિધિ કરાઈ તેનો અહેવાલ)

ધરતીકંપ શબ્દની ભયાનકતા અને ધરતીકંપની યાતના તો જેણે અનુભવી હોય તે જ સમજે, આવા દુ:ખદ પ્રસંગના સ્મરણો, મનુષ્ય આજીવન ભૂલી શકતો નથી કેટલાય લોકો આવી યાતના પછી અનેક પ્રકારની માનસિક બિમારી અને છૂપા ભયના શિકાર બનીને સમગ્ર આયખાં દરમ્યાન પીડિત રહે છે.

આવા દુ:ખી પીડિતોને ડોકટર કરતાંય, સંતો જ શાંતિ આપી શકે છે અને ઉપચાર કરી શકે છે. ભારતમાં ભૂકંપની ભયાનક શરૂઆત પહેલાં જ માતાજીએ તેમના સૈનિકને "ભૂકંપ નિવારણ" વિધિના શસ્ત્રથી સજાવી દીધો હતો. તા. ૧૪-૯-૨૦૦૦ ના રોજ પૂજા દરમ્યાન માતાજીએ પૂજ્યશ્રીને, "ધરતીકંપ નિવારણ"ની આગવી માનવસેવા માટે સામર્થ્યવાન બનાવી દીધાં હતાં. માતાજીના સંકેત જૂઓ તા. ૧૪-૯-૨૦૦૦ સરવાળો ૧૬ એટલે સાત. અંકશાસ્ત્રના મત મુજબ સાતનો અંક સૂચવે છે કે, વ્યક્તિ લાગણીવશ, હિંમતવાન, વિશાળ મનવાળો, સ્વતંત્ર અને નિ:સ્વાર્થી, સ્નેહાળ, સહાનુભૂતિશીલ, ક્ષમાશીલ, મજબૂત ઈચ્છાશક્તિવાળો, કૃતનિશ્ચયી, માનવીય, અનુકંપાશીલ, ઉદાર, પરોપકારી અને આધ્યાત્મિકતા ના સદ્ગુણોથી શણગારાયેલ હોય...

"ધરતીકંપ નિવારણ" સેવા એ પૂજ્યશ્રી દ્વારા, સમાજની સૃષ્ટિની અને સમગ્ર માનવજાત માટે કરાતી, અલભ્ય, અકલ્પ્ય ત્થા કોઈપણ દેવદૂતો દ્વારા ન કરાઈ હોય તેવી સર્વશ્રેષ્ઠ સેવા છે. ભારતમાં અનેક સ્થળોએ, જેવાંકે ભાવનગર, વડોદરા, સુરત, અમદાવાદ, ભૂજ, મુંબઈ, નાગપુર આવી વિધિ કર્યા બાદ જે શાંતિ અને નિશ્ચિંતતાનો અનુભવ ભક્તોએ માણ્યો હતો, તેનાથી પ્રેરાઈને ઈંગ્લેન્ડમાં સપ્ટેમ્બર ૨૦૦૨ના ધરતીકંપ પછી, પૂજ્યશ્રીની પ્રથમ વિદેશયાત્રા સમયે અનેક ભક્તોએ ઈંગ્લેન્ડમાં આવી વિધિ કરીને નિર્ભયતા બક્ષવા, પૂજ્યશ્રીને પ્રત્યક્ષ અને પત્ર ત્થા ફોન દ્વારા વિનંતિઓ કરી હતી.

ઈંગ્લેન્ડમાં સપ્ટેમ્બર ૨૦૦૨માં અનુભવાયેલ ધરતીકંપની માત્રા ૪.૮ રીચર સ્કેલની હતી અને ત્યાંના તજજ્ઞોના મત મુજબ તેનું કેન્દ્રબિંદુ "ડડલી" શહેર હતું એટલે પ્રથમ આવી વિધિ માટે ડડલી શહેરને પસંદ કરાયું.

સમગ્ર યુરોપમાં કોઇપણ સંત દ્વારા કરાતી આવી નિ:સ્વાર્થ સેવાનો પ્રથમ પ્રસંગ હોઇ ત્યાંના ભક્તો, ન્યુઝ પેપર, ટી.વી અને પ્રચાર માધ્યમોએ, ખૂબ ઉત્કંઠા જગાવી અને

લોકહિતાર્થે પૂજ્યશ્રી દ્વારા થયેલ આ વિધિને પ્રચાર માધ્યમો દ્વારા જનજન સુધી પહોંચાડીને ઉત્તમ યોગદાન અપાયું.

પૂજ્ય ગુરૂદેવે પહેલી જાન્યુઆરીના રોજ આ વિધિ માટે વપરાનારા જળને અભિમંત્રિત કરીને તૈયાર કરી દીધું હતું અને ૨-૧-૦૩ ના રોજ સવારે લેસ્ટરથી નીકળીને લગભગ ૧૦-૩૦ વાગે ડડલી પહોંચ્યા... પૂજ્યશ્રી અને બ્હેનજી સાથે સ્થાનિક કાર્યકર્તાઓ જોડાયા હતાં તે દિવસે ખૂબ ઠંડી હતી અને સતત્ વરસાદ હતો. "ભક્તો ચિંતિત પણ પૂજ્યશ્રી નિશ્ચિંત " પૂજ્યશ્રીના પરમ ભક્ત શ્રી સુભાષભાઇ પટેલના ધરના પાછલા બગીચામાં વિધિ કરવાનું નક્કી થયેલ જેથી પરવાનગી લેવાની ઝંઝટમાં ન પડવું પડે. મુરબ્બી સુભાષભાઇનું ધર અને પ્રસંગની વ્યવસ્થાને અનુલક્ષીને વધારે ભક્તોને આમંત્રિત કરાયાં ન્હોતાં છતાંય વીસથી વધારે ભક્તો અને પ્રચાર માધ્યમના પ્રતિનિધિઓ હાજર હતાં.

સુભાષભાઇના ધરે પૂજ્યશ્રીનું પૂજન અને સ્વાગત થયું. અહીં 'એક્સપ્રેસ એન્ડ સ્ટાર ન્યુઝ' ના ખબરપત્રી શ્રી માર્ક એન્ડ્ર્યુ ત્થા ત્યાંના સનાતન મંદિરના ટ્રસ્ટી શ્રીકાંતિભાઇ પટેલની વિશેષ ઉપસ્થિતિ હતી. શ્રી એન્ડ્ર્યુએ અહીં પૂ.બ્હેનજીને કેટલાંક સૂચક અને સ્પષ્ટ પ્રશ્નો પૂછયાં જેવાકે " Why is he doing this ritual " પૂજ્ય બ્હેનજીએ પણ નિર્ભયતાથી, પારદર્શક રીતે ખૂબ સુંદર પ્રત્યુત્તરો આપ્યાં ત્થા પૂજ્યશ્રીની માનવીય સેવા પ્રવૃત્તિઓ અને અપેક્ષારહિત નિ:સ્વાર્થ માનવસેવાનો અભિગમ ત્થા આચરણ જોઇને શ્રી એન્ડ્ર્યુ, અચંબો પામ્યાં. તેઓને પૂજ્યશ્રી માટે હૃદયથી આદર થયો અને તેમણે પૂજ્યશ્રીનો આભાર માન્યો.

હવે પૂજ્યશ્રીએ બપોરે ૧૨-૩૦ વાગે વિધિની શરૂઆત કરી ૧'X૧'X૧' ના તાજા ખોદાયેલ ખાડા સમક્ષ તેઓશ્રી અને બ્હેનજી બેઠાં છે.પ્રકૃતિનો સહકાર માનો કે માતાજીનો સંગાથ, પણ વરસાદ બિલકુલ થંભી ગયો છે. ભક્તો આને આશ્ચર્ય માને છે પણ પૂજ્યશ્રીને મન તો આ માતાજીના બાળને માતાજી તરફથી અપાતું સંરક્ષણ અને નિર્ભય પ્રોત્સાહન છે...ત્યાંની અસહ્ય ઠંડીથી રક્ષણ માટે પૂજ્યશ્રીએ ગરમકોટ ત્થા ગરમ ટોપી પરિધાન કર્યાં છે છતાંય ભક્તો ચિંતિત છે. કારણ કે આવા વાતાવરણમાં ફૂંકાતા ઠંડા પવન વચ્ચે, ખુલ્લામાં બેસવું એ પણ દ્રઢ મનોબળનું શ્રેષ્ઠ શિખર છે.

પ્રથમ પૂજ્યશ્રીએ અભિમંત્રિત જળને પ્રાર્થના બાદ, ખાડામાં પધરાવ્યું છે. પછી તાંબાના જળથી ભરેલા કળશને, મંત્રશક્તિ દ્વારા, શક્તિવાન બનાવીને ઉંધો પ્રસ્થાપિત કર્યો છે. ફરીથી અભિમંત્રિત જળ પધરાવાયું. પછી કપચીને અભિમંત્રિત કરીને પધરાવાઇ.. ફરીથી પ્રાર્થના બાદ અભિમંત્રિત જળ પધરાવાયું... પછી ગુંદરને અભિમંત્રિત કરીને પધરાવાયો... ફરીથી અભિમંત્રિત જળ...પછી કોલસાને અભિમંત્રિત કરીને

પધરાવાયો... ફરીથી અભિમંત્રિત જળ... પછી તેઓએ પ્રાર્થના કરી... હવે તેઓશ્રીએ જમણા પગેથી મોજું કાઢીને, પગના અંગુઠાથી કળશને દબાવ્યો ફરીથી અભિમંત્રિત જળ પધરાવાયું... ત્યારબાદ તેઓએ શાંત અને અતિ સૌમ્ય મુદ્રા સાથે પ્રાર્થના કરી...તેઓનું તેજસ્વી મુખ અતિ દૈદિપ્યમાન ભાસતું હતું... હાજર તમામ ભક્તોએ પરમશક્તિ મંત્રનું લયબધ્ધ ઉચ્ચારણ કર્યું હતું અને ખાડામાંથી વરાળ નીકળતી જોઇ હતી.

પૂજ્યશ્રીના આવા સર્વશ્રેષ્ઠ માનવતા પૂર્ણ કાર્યની ખૂબ ખૂબ પ્રશંસા થઇ અને ત્યાંના વિવિધ વર્તમાન પત્રોમાં આ પ્રસંગને મહત્વ અપાયું.

**લેસ્ટરમાં વિધિ :-**

ધરતીકંપની તીવ્ર અસરવાળા બીજા શહેર લેસ્ટરમાં આ વિધિ તા.૮ મી જાન્યુઆરીના રોજ શ્રી વડેરા પરિવારના ઘરના બગીચામાં બપોરે બાર વાગે સંપન્ન થઇ. અહીં સવારથી જ તૈયારીઓ કરી દેવામાં આવી હતી. તે દિવસે પણ વાતાવરણમાં અસહ્ય ઠંડી હતી ગરમ વસ્ત્રો પહેરવા છતાંય બહાર નીકળવું મુશ્કેલ હતું.

અહીં વિધિની શરૂઆત થઇ...ખાડામાં જળ, કળશ અને કપચી પધરાવાયાં ત્યાંતો પ્રકૃતિએ કરવટ બદલી...અચાનક જ કાળા વાદળો સાથે બરફ વર્ષા શરૂ થઇ ગઇ પૂજ્યશ્રીને તાડપત્રી દ્વારા બચાવવાનો પ્રયત્ન થયો પણ હાજર સહુ ભક્તો તો બરફથી આચ્છાદિત થઇ ગયાં. જાણે સફેદ રૂ ના ટુકડા આખા શરીરે ચોંટી ન ગયા હોય ! પરમશક્તિ મંત્રના સામૂહિક ઉચ્ચારણ સાથે વરસતા બરફના કરાંને ઝીલીને પણ ભક્તોએ સંપૂર્ણ વિધિ દરમ્યાન શિસ્તબધ્ધ સહકાર આપ્યો તે અભિનંદન ને પાત્ર છે જ્યારે આટલી સખત ઠંડીમાં બરફવર્ષા સાથે ખુલ્લામાં આવું સુંદર માનવતાનું કાર્ય કરનાર પરમ વંદનીય, ક્રાંતિકારી મહાન સંતના ચરણોમાં કોટી કોટી વંદન.

**લંડનમાં વિધિ :-**

પૂજ્યશ્રી ભૂકંપ નિવારણ વિધિ કરવા માટે તા. ૧૦-૧-૦૩ ના રોજ લંડન પહોંચ્યા છે અહીં પૂજ્યશ્રીના ભક્ત શ્રી અમરતભાઇ પોપટના ઘરના બગીચામાં આ વિધિ કરવાની હતી. અહીં શ્રી નિલેષભાઇ વ્યાસે સમાચાર સંસ્થાના પ્રતિનિધિઓને ખબર આપ્યા હતા. બી.બી.સી રેડિયોના પ્રતિનિધિએ લેસ્ટરથી ફોન પર પૂજ્ય બ્હેનજીનો ઇન્ટરવ્યુ લીધેલ હતો જે રેડિયો પરથી પ્રસારિત કરવામાં આવ્યો હતો જે આ પ્રમાણે છે.

બી.બી.સી રેડિયોના સમાચાર

રાજયોગી નરેન્દ્રજીના બ્હેન અને સલાહકાર કૈલાસબ્હેન પરીખે જણાવ્યું હતું કે...ભારતીય ગુરૂજી રાજયોગી નરેન્દ્રજી આજે બપોરે લંડનમાં વેમ્બલી વિસ્તારના એક ઘરના પાછળના બગીચામાં ધરતીકંપ નિવારણની વિધિ કરવાના છે. આ વિધિથી

ભવિષ્યમાં થનાર ધરતીકંપને અટકાવી શકાશે અથવા તેની તીવ્રતા હળવી કરી શકાશે.

પૂજ્યશ્રી આ વિધિ તા.૧૧-૧-૦૩ ના રોજ કરનાર હતા તે દિવસે સવારે દર અડધા કલાકે ઉપરોક્ત સમાચાર પ્રસારિત કરવામાં આવતા હતા.

અહીં ઝી.ટી.વી ના ખબરપત્રી અને વીડીયોગ્રાફર શ્રી ધ્રુવ ગઢીયાએ પણ પૂજ્યશ્રીની મુલાકાત લઇને સુંદર વાર્તાલાપ દ્વારા પૂજ્યશ્રીના ક્રાંતિકારી વિચાર અભિગમને કેમેરામાં કંડાર્યો હતો. અને સમગ્ર યુરોપમાં આઉટ એન્ડ અબાઉટ પ્રોગ્રામમાં પ્રસારિત કરવામાં આવ્યો હતો.

અહીં પણ પૂજ્યશ્રીએ વિધિ કરી. નોંધવા જેવું છે કે, અહીં તેઓ એ કળશ ને ફેરવીને સ્થિરતા બક્ષી. અહીંના સખત ઠંડા વાતાવરણમાં માનવ સૃષ્ટિ માટેના તેમના કર્મને તથા સેવાભાવને સૌ ભક્તો વંદન કરી રહ્યા. અહીં પ્રચાર માધ્યમોએ બહેન દિક્ષા, માસ્ટર મીસ્ત્રી ત્થા સુનીલભાઈ જેઓ સર્જન છે તેમના વ્યક્તિગત ઈન્ટરવ્યુ લીધા. દરેકના વાર્તા લાપમાં પૂજ્યશ્રી પ્રત્યે અખૂટ શ્રધ્ધા અને તેમના વ્યક્તિગત જીવનમાં પૂજ્યશ્રીના અમુલ્ય માર્ગદર્શન તથા યોગ દાનની તેઓએ પ્રશંસા કરી. પૂજ્યશ્રીનો ઋણ સ્વીકાર્ કર્યો.અહીં કેટલીક વિદેશી મહિલાઓ પણ ઈન્ટરવ્યુમાં પૂજ્યશ્રી પ્રત્યે આદર અને શ્રધ્ધા ધરાવતી દેખાઈ છે.

**માન્ચેસ્ટર :**

અહીં તે તા. ૧૭-૧-૨૦૦૩ ના રોજ શ્રી હિતેશભાઈ વડેરાના નિવાસ સ્થાને બપોરે ૧-૩૦ વાગે વિધિ કરાઈ છે. પૂજ્યશ્રીએ જગ્યા બતાવતાં શ્રી મોહનભાઈ ત્થા અન્ય ભક્તોએ ખાડો તૈયાર કર્યો છે. અહીં પણ અસહ્ય ઠંડી છે. પૂજ્યશ્રીએ હાથે પણ મોજા પહેર્યાં છે. આવી ઠંડીમાં પણ પૂજ્યશ્રીએ વિધિ સંપન્ન કરી ને તેમના અડગ મનોબળ તથા માતાજીના આદેશના ચૂસ્ત પાલન દ્વારા શિસ્તબધ્ધ સૈનિકના રૂપને શણગારી દીધો છે.

પરદેશની ધરતી પર માનવ સેવાના કાર્યો ઉપરાંત પોતાની વિશિષ્ઠ સેવાઓ દ્વારા જેમકે પ્રેતાત્મા મુક્તિ, ધરતીકંપ નિવારણ વગેરે પૂજ્યશ્રીએ સમગ્ર વિશ્વને પોતાના સેવાક્ષેત્રમાં સમાવી લઈને સંતસૃષ્ટિમાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું છે. કોઈ પણ પ્રકારની અપેક્ષા વગર ધનના સ્વીકાર વગર પ્રતિષ્ઠાકે પ્રચારના લોભ વગર માનવ સેવાકે કુદરતના પ્રકોપ સામે સંરક્ષણ વિધિ દ્વારા “નિઃસ્વાર્થ સેવા” નું ઉત્તમ દ્દષ્ટાંત સજાવ્યું છે.

આપણે સહુ સંકુચિત મનોદ્રષ્ટિ વિચારધારા કે સ્વાર્થથી ઉંચે ઉઠીને “વસુધૈવ કુટુંબકમ્” ની પૂજ્યશ્રીની ભાવના અને કર્તવ્યને અનુરૂપ થવા સંકલ્પબધ્ધ થઈએ અને તેમાંય પૂજ્યશ્રીના આશીર્વાદ આપણી સાથે રહે એજ પ્રાર્થના.

ૐમાૐ

## (૧૨) નૈતિક મૂલ્યોનું પરિમાર્જન

આપણા નૈતિક મૂલ્યોને નવસર્જિત કરી સમાજનું સ્વાસ્થ્ય સુધારવા માટે આપનું યોગદાન અતિ આવશ્યક છે.

આપણી ભાવિ પેઢીના આંતરિક ઉત્કર્ષ માટે નવજાત કે પાંચવર્ષની ઉંમર સુધીના બાળકની જીભ પર તુલસી પત્રની કુમળી દાંડીથી ૐમાૐ લખવું અને બાળકના જમણા કાનમાં નીચેના સૂત્રોનું પઠન કરવું.

૧. ઈષ્ટમાં સંપુર્ણ શ્રધ્ધા અને શરણાગતિ રાખવી.
૨. નિ:સહાયને સહાય કરવી.
૩. દુ:ખીઓના દિલનાં આંસુડાં લુછવાં.
૪. કોઈની ઈર્ષા કરવી નહિં.
૫. કોઈની સાથે વિશ્વાસઘાત કરવો નહિ.
૬. પરનિંદાથી દુર રહેવું.
૭. પુરુષાર્થને અગ્રતા આપી સતત કાર્યશીલ રહેવું.
૮. નિ:સ્વાર્થ સેવા કરવી.
૯. અહ્મનો ત્યાગ કરવો.

– પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી –



# સમાચાર

## : ઉત્સવ ઉજવણી :

### ગુરૂપૂર્ણિમા

**તારીખ :** ૧૩-૦૭-૨૦૦૩ રવિવાર **સમય :** સવારે ૯-૦૦ થી ૧-૦૦

### માનવતાદિન

**તારીખ :** ૦૭-૦૯-૨૦૦૩ શનિવાર **સમય :** સવારે ૯-૦૦ થી ૧-૦૦

**બંને ઉત્સવો પર પૂજ્યશ્રીના દર્શનનો લાભ મળી શકશે.**

**સ્થળ :** પી. જી. મહેતા મેમોરીયલ હોલ, શંકરઆશ્રમ સામે,
રાજનગર બસ સ્ટેન્ડ, પાલડી, અમદાવાદ-૭.

### આસો નવરાત્રિ

આસો નવરાત્રિ તા. ૨૭-૯-૨૦૦૩ થી ૦૪-૧૦-૨૦૦૩ આઠ દિવસ સુધી. વિશિષ્ટ ઉપાસના કરવા ઈચ્છતા ભાવિકોને પૂજ્યશ્રી આશીર્વાદ પાઠવે છે.

### પૂજ્યશ્રીના સાનિધ્યમાં સત્સંગ

(૧) તા. ૦૫-૦૭-૨૦૦૩ શનિવાર - મુંબઈમાં
સમય : સવારે ૧૧-૦૦ થી ૬-૦૦ સુધી
સ્થળ : લક્ષ્મીબાગ ઓપેરા હાઉસ, ચર્નીરોડ, મુંબઈ.

(૨) તા. ૦૬-૦૭-૨૦૦૩ રવિવાર સુરતમાં
સમય : બપોરે ૨-૦૦ થી ૬-૦૦ સુધી
સ્થળ : વિજયનગર કો. ઓ. હા. સોસાયટી, દયાલબાગની બાજુમાં, મજૂરાગેટ સુરત.

### નિલોષા - પૂજ્યશ્રીનો કાર્યયજ્ઞ બંધ રહેશે.

તારીખ ૨૩-૦૪-૨૦૦૩ થી તારીખ ૦૮-૦૬-૨૦૦૩
તારીખ ૦૪-૦૭-૨૦૦૩ થી તારીખ ૦૭-૦૭-૨૦૦૩
તારીખ ૧૬-૦૭-૨૦૦૩ થી તારીખ ૨૦-૦૮-૨૦૦૩

### નિલોષા - પૂજ્યશ્રીનો કાર્યયજ્ઞ ચાલુ થશે.

તારીખ ૦૯-૦૬-૨૦૦૩ થી તારીખ ૦૩-૦૭-૨૦૦૩
તારીખ ૦૮-૦૭-૨૦૦૩ થી તારીખ ૧૫-૦૭-૨૦૦૩
તારીખ ૨૧-૦૮-૨૦૦૩ થી મુલાકાત ચાલુ થશે.

ૐમાૐ

# પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીનો વિદેશનો કાર્યક્રમ

## એપ્રીલ - જૂન ૨૦૦૩

### અમેરિકા

| તારીખ | વાર | સમય | સ્થળ | આયોજક | ટેલીફોન |
|---|---|---|---|---|---|
| ૦૩-૫-૨૦૦૩ | શનિવાર | ૪ થી ૬ | યુનીયન સીટી ન્યુજર્સી | રતિલાલ મિસ્ત્રી | ૨૦૧-૮૬૫૭૨૮૨ |
| ૦૪-૫-૨૦૦૩ | રવિવાર | ૪ થી ૬ | યુનીયન સીટી ન્યુજર્સી | રતિલાલ મિસ્ત્રી | ૨૦૧-૮૬૫૭૨૮૨ |
| ૦૬-૫-૨૦૦૩ | મંગળવાર | ૪ થી ૬ | શેલ્બીવીલટેનીસી | બાલુભાઇ પટેલ | ૯૩૧-૬૮૪૩૧૦૧ |
| ૦૭-૫-૨૦૦૩ | બુધવાર | ૪ થી ૬ | ઈવાન્સવીલ ઈન્ડિયાના | સુરેશભાઈ પટેલ | ૮૧૨-૪૨૪૩૫૬૬ |
| ૦૮-૫-૨૦૦૩ | ગુરુવાર | ૪ થી ૬ | બેડ ફોર્ડ | સુરેશભાઈ પટેલ | ૮૧૨-૨૭૭૧૫૧૯ |
| ૧૦-૫-૨૦૦૩ | શનિવાર | ૪ થી ૬ | બારીડજ ઈલીનોઈસ | શીલુભાઈઅગ્રવાલ | ૬૩૦-૪૫૫૯૦૨૬ |
| ૧૧-૫-૨૦૦૩ | રવિવાર | ૪ થી ૬ | બારીડજ ઈલીનોઈસ | શીલુભાઈઅગ્રવાલ | ૬૩૦-૪૫૫૯૦૨૬ |

### ઈંગ્લેન્ડ

## એપ્રીલ - મે - જૂન ૨૦૦૩

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૭-૪-૨૦૦૩ | રવિવાર | ૪ થી ૬ | ૯ ઑલ્ફીન | પ્રદીપ વડેરા | ૦૧૧૬-૨૩૫૪૬૧૧ |
| ૨૮-૪-૨૦૦૩ | સોમવાર | ૪ થી ૬ | સ્ટ્રીટ લેસ્ટર | પ્રદીપ વડેરા | ૦૧૧૬-૨૩૫૪૬૧૧ |
| ૧૭-૫-૨૦૦૩ | શનિવાર | ૩ થી ૫ | બ્રેડફોર્ડ | મોહનલાલ પટેલ | ૦૧૨૭-૪૫૦૨૬૬૫ |
| ૧૮-૫-૨૦૦૩ | રવિવાર | ૨ થી ૪ | ડડલી | સુભાષ પટેલ | ૦૧૭૮-૪૮૬૦૧૬૫ |
| ૨૩-૫-૨૦૦૩ | શુક્રવાર | ૨ થી ૪ | ક્રોયડન લંડન | જ્યોતિબેન પરમાર | ૦૨૦૮-૬૭૯૮૬૬૮ |
| ૨૪-૫-૨૦૦૩ | શનિવાર | ૪ થી ૬ | વેમ્બલી લંડન | અમરતલાલ પોપટ | ૦૨૦૮-૯૦૨૩૦૨૯ |
| ૨૫-૫-૨૦૦૩ | રવિવાર | ૪ થી ૬ | વેમ્બલી લંડન | અમરતલાલ પોપટ | ૦૨૦૮-૯૦૨૩૦૨૯ |
| ૦૨-૬-૨૦૦૩ | સોમવાર | ૪ થી ૬ | ૯ ઑલ્ફીનસ્ટ્રીટ લેસ્ટર | પ્રદીપ વડેરા | ૦૧૧૬-૨૩૫૪૬૧૧ |

## જુલાઈ - ઓગષ્ટ ૨૦૦૩

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૯-૭-૨૦૦૩ | શનિવાર | ૪ થી ૬ | ૯ ઑલ્ફીનસ્ટ્રીટ લેસ્ટર | પ્રદીપ વડેરા | ૦૧૧૬-૨૩૫૪૬૧૧ |
| ૨૦-૭-૨૦૦૩ | રવિવાર | ૪ થી ૬ | ૯ ઑલ્ફીનસ્ટ્રીટ લેસ્ટર | પ્રદીપ વડેરા | ૦૧૧૬-૨૩૫૪૬૧૧ |
| ૧૦-૮-૨૦૦૩ | રવિવાર | ૪ થી ૬ | ૯ ઑલ્ફીનસ્ટ્રીટ લેસ્ટર | પ્રદીપ વડેરા | ૦૧૧૬-૨૩૫૪૬૧૧ |
| ૨૫-૭-૨૦૦૩ | શુક્રવાર | ૩ થી ૫ | ક્રોયડન લંડન | જ્યોતિબેન પરમાર | ૦૨૦૮-૬૭૯૮૬૬૮ |
| ૨૬-૭-૨૦૦૩ | શનિવાર | ૪ થી ૬ | વેમ્બલી લંડન | અમરતલાલ પોપટ | ૦૨૦૮-૯૦૨૩૦૨૯ |
| ૨૭-૭-૨૦૦૩ | રવિવાર | ૪ થી ૬ | વેમ્બલી લંડન | અમરતલાલ પોપટ | ૦૨૦૮-૯૦૨૩૦૨૯ |
| ૦૨-૮-૨૦૦૩ | શનિવાર | ૩ થી ૫ | બ્રેડફોર્ડ | મોહનલાલ પટેલ | ૦૧૨૭-૪૫૦૨૬૬૫ |
| ૦૩-૮-૨૦૦૩ | રવિવાર | ૩ થી ૫ | ડડલી | સુભાષ પટેલ | ૦૧૩૮-૪૮૬૦૧૬૫ |